Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૫ • તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૬ થી ૭ ફેબ્રુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

ક.દ.ઓ. 3 પેઢીઓનો તહેવાર

Jalsa 3

દ્વારા આયોજિત વાર્ષિક ઉત્સવ 'જલસા-૩' રવિવાર, તા. ૧૭.૦૧.૨૦૧૬ માં ૩૫૦ થી વધુ સ્પર્ધકો (ઉંમર ૩ થી ૭૨ વર્ષ) એ ઉત્સાહભેર ભાગ લીધો અને ૪૦૦૦ થી અધિક જ્ઞાતિજનોએ નિહાળ્યું.



અતિથી વિશેષ શ્રી ભૂપેન્દ્ર દંડ



મુખ્ય અતિથી શ્રી ધીરેન લોડાયા



નોટબુક મુખ્ય દાતાશ્રી હેમાંગ ધરમશી



સહયોગી દાતાશ્રી વિજય લોડાયા
મુકેશ લોડાયા અને મયુર લોડાયા



સહયોગી દાતાશ્રી રાજેશ લોડાયા
અને શ્રીમતી તેજલબેન લોડાયા



સોવેનીયર દાતાશ્રી કિરીટ લાપસીયા



વિદ્યાર્થી સંઘ પ્રમુખ
શ્રી અનુજ લોડાયા



મુંબઇ મહાજન પ્રમુખ
શ્રી કલ્પેશ મોતા



જ્ઞાતિ યુવાઓના પ્રેરક
શ્રી હંસ ખીમજી



અચલગચ્છ પ્રમુખ
શ્રી શામજીભાઇ દંડ



શ્રી જયેશ જૈન
શ્રી નયન ભેદા



શ્રી હીરાલાલ ડાઘા



શ્રીમતી દમયંતીબેન-શ્રી ચાંપશી શાહ

# ABHINANDAN SNEHAMILAN TO APPRECIATE THE GLOBAL SUMMIT TEAM BANGALORE





પા ઘડી પહેરેલ પાઘડી ક્યારેક...
જીવનની લાંબી સફરની મંજીલને સાર્થક બનાવી દે છે
પા ઘડીની મુલાકાત ક્યારેક...
યુગોની પહેચાન બનાવી જાય છે
પા ઘડીનું મિલન ક્યારેક...
જન્મોનો સાથ બની જાય છે
ઘડી પા ઘડીનું દર્શન ક્યારેક...
આત્માને પરમાત્મા બનાવી જાય છે

તમારો તિલકચંદ

















IT & EMERGING BUSINESSES

8th & 9th January 2016
Taj Vivanta,
Yeshwantpur Bangalore

EVENT PARTNER OF GLOBAL SUMMIT

SHRI HANS BHAWANJI ARJAN KHIMJI

# ABHINANDAN SNEHAMILAN TO APPRECIATE THE GLOBAL SUMMIT TEAM BANGALORE

## FRIDAY, 2ND JANUARY 2016 AT HOTEL SATTVAM, BANGALORE

GLOBAL SUMMIT TEAM OF BANGALORE HAD DONE A MARVELLOUS JOB AND CREATED A HISTORY, BY SUCCESSFULLY HOSTING "THE GLOBAL SUMMIT ON IT & EMGERGING BUSINESSES" ON 8th AND 9th OF JANUARY 2016, AT HOTEL VIVANTA, BANGALORE.

EVENT PARTNER, MR.HANS KHIMJI HAD ORGANISED ' ABHINANDAN ' SNEHA MILAN SAMARAMBH ON FRIDAY,22nd JANUARY 2016 AT HOTEL SATTVAM, BANGALORE. ,TO APPRECIATE THE EFFORTS DONE BY THE GLOBAL SUMMIT TEAM BANGALORE AND CREATED A HISTORY IN KDO COMMUNITY.

MR. TILAKCHAND LODAYA GRACED THE OCCASION.

MR. HANS KHIMJI IN HIS BRIEF CHAT ADMIRED THE ENTHUSIAM AND DEDICATION OF THE GLOBAL SUMMIT TEAM BANGALORE WHICH WAS EFFICIENTLY LED BY MR. PRESIDENT, MR. SATISH SHAH, SECRETARY MR. MITESH LODAYA AND TREASURER MRS. HEMABEN CHHEDA AND ABLY SUPPORTED BY THE MEMBERS OF THE TEAM.

HE FURTHER ACKNOWLEDGED EACH AND EVERY COMMITTEE EXCELLED IN THEIR ASSIGNMENT AND LOOKED AFTER THE COMFORTS AND CONVENIENCE OF ALL THE PARTICIPANTS.

HE ALSO OBSERVED, THAT SATISHBHAI AND MITESHBHAI WERE SUPPLEMENTARY AND COMPLIMENTARY TO EACH OTHER. HE SPECIALLY THANKED THE MAN BEHIND THE SCENE, MR.GULABBHAI CHHEDA, WHOSE HIDDEN CONTRIBUTION OF PROVIDING VITAL STATISTICS TO THE SUMMIT TEAM WHICH WERE THE KEY FACTOR TO THE SUCCESS. HE ALSO APPRECIATED GULABBHAI'S ABLE GUIDANCE TO THE TEAM.

THE TEAM WON THE KUDOS FROM ONE AND ALL PARTICIPANTS.

MR. HANS KHIMJI PRESENTED MEMENTOS TO EACH MEMBER OF THE TEAM.

HE THANKED MR.TILAKCHANDBHAI AND GLOBAL SUMMIT TEAM BANGALORE, GIVING HIM THE OPPORTUNITY TO BE A PART OF THE EVENT. THE SUMMIT HAS BROUGHT HIM CLOSE TO THE HEARTS OF BANGALOREANS.

THE SUMMIT IS A BRAIN CHILD OF GREAT VISIONARY MR. TILAKCHANDBHAI.

MR. HANS KHIMJI PROFUSELY COMMENDED MR. TILAKCHANDBHAI WHO CONCEPTUALISED THE ENTIRE MATRIX OF SUMMIT IN CONSONANCE WITH HIS VISION, A DREAM, TO "UPLIFT – UP BRING", THE KDO COMMUNITY AND SPECIALLY THE YOUTH. HE IS A GREAT DREAMER AND IN EVERY BREATHE, HE THINKS OF WELFARE OF KDOS. HIS ONE OF THE DREAM WAS TO TAKE OUR YOUTH TOWARDS THE I.T AND THE MODERN TECHNICS TOWARDS THE I.T. THIS SUMMIT IS RESULT OF ONE SUCH DREAM. HE HAS MANY MORE SUCH DREAMS.

GOD BLESS HIM.

PRESIDENT MR.SATISH SHAH THANKED HANS KHIMJI FOR HIS GENEROSITY AND THE RIGHT SPIRIT. HIS ACTIVE PARTICIPATION AND GUIDANCE WAS VERY MUCH HELPFUL FOR ORGANISING THE SUMMIT. THESE JESTURE OF MR.HANS KHIMJI, WAS MUCH APPRECITED BY ONE AND ALL.

MR.TILAKCHANDBHAI FELICITATED MR.HANS KHIMJI WITH PAGHADI, SHAWL & MALA AND APPRECIATED THE ZEAL AND THE ENTHUSIASM SHOWN BY HANSBHA AT THIS AGE OF 75 ,WHO NOT ONLY FUNDED THE ENTIRE EVENT, BUT ALSO ATTENDED MANY OF THE MEETINGS AND GIVEN HIS VALUABLE GUIDANCE. SO ONE CAN SAY HE WAS HERE THERE EVERYWHERE WITH TAN-MAN & DHAN.

# કે.ડી.ઓ. ગ્લોબલ સમિટથી ઊભા થયેલા યુવા કેન્દ્રી હકારાત્મક વાતાવરણનો જ્ઞાતિ પૂરેપૂરો લાભ લે



કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ઓન આઈ ટી અને ઈમરજીંગ બિજનેશ બેંગલોરમાં ૮-૯ જાન્યુઆરી ૨૦૧૬ના યોજાઈ ગયું.

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની ભાવી પેઢી રોજગાર માંગનાર નહીં પણ રોજગાર આપનાર બને, આત્મવિશ્વાસપૂર્વક નવતર ક્ષેત્રમાં પોતાનો સિક્કો જમાવે તથા જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી દરેક પીછેહટને પડકાર માને તેવું વાતાવરણ સર્જવાના ઉદ્દેશ્યથી યોજાયેલું આ સમિટ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સ્ટાર્ટઅપમાં માસ્ટરો અને વિવિધ ક્ષેત્રમાં ટોપ પર બિરાજતા જ્ઞાતિ મહાનુભાવોના સહભાગથી યુવાનોમાં નવું જોશ ભરનાર રહ્યું.

અલબત્ત, આ નવા યુગની શરૂઆત હતી. એ યુગ હકીકત બને... તે માટે જોયેલા સ્વપ્નો સાકાર થાય... તે માટે સમસ્ત જ્ઞાતિએ એ હકારાત્મક ઊર્જા ઝીલવાની છે અને આ યુવા કેન્દ્રી આયોજનનો લાભ જ્ઞાતિના દરેક યુવાન સુધી પહોંચે તે માટે દરેક જ્ઞાતિજને પોતાની ભૂમિકા પ્રભાવકારી રીતે નિભાવવાની છે.

જ્ઞાતિજનો, આ યુવા કેન્દ્રી ભવિષ્ય લક્ષી આયોજનને એક કાર્યક્રમ માત્ર માનવાને બદલે એને એક નવા યુગની શરૂઆતનો શંખનાદ સમજી તેના હકારાત્મક તરંગનોને સર્તકતાથી ઝીલી લઈ તેને ઉપયુકત સર્જન શીલતા દ્વારા પ્રતિભાવ આપવાની તક માપી લે.

– હંસ ભવાનજી અરજણ ખીમજી

---

# કે.ડી.ઓ. ગ્લોબલ સમિટમાં પ્રસ્તુત થયેલ યોજનાઓને અમલમાં મૂકવા સહયોગ આપવા મહાજનો / સંસ્થાઓને વિનંતી.



બેંગલોર ખાતે યોજાયેલ નવી કેડી કંડારનાર અને વ્યવસાયિક રીતે આયોજિત કે.ડી.ઓ. ગ્લોબલ સભાને દરેક દૃષ્ટિએ અસાધારણ સફળતા મળી છે. આ સમિટે કચ્છી દશા ઓશવાલ સમુદાયને ઉડ્ડાન, ગ્રુપ - ૧૦૦, આર્થિક સાહસ પોષણ કેન્દ્ર, મોબાઈલ શિક્ષા અભિયાન, સરસ્વતિ સ્વપ્ન અને કોમ્યુનિટી ફેસબુક પેજ જેવી લાંબા - ટૂંકા ગાળા માટે બહુજ મહત્વની યોજનાઓ આપી છે.

સ્થાનિક વ્યક્તિઓ, મહાજનો, મહિલા મંચ, યુથ ફોરમ અને તેમના જુથોએ આ યોજનાઓને અમલમાં લાવી આપણા સમુદાયને આયોજિત ઢબે મહાનતમ ઊંચાઈએ પહોંચાડવાની છે. ઈતિહાસે આપણને સાથે મળીને પ્રગતિ કરવા અને સમૃધ્ધ થવાની મહાન તક આપી છે. ચાલો આપણે સાથે મળીને આપણા કર્તવ્ય પૂરા કરીએ.

– જય જ્ઞાતિમૈયા, તિલકચંદ

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 05/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું વર્ષ ૨૦૧૫ માટેનું સામાજીક મૂલ્યાંકન

**શ્રી પ્રવિણ ધરમશી (કોઠારા - સુરત)**

જે લોકો મોટી સંસ્થા કે કંપનીમાં કામ કરતા હોય છે તેઓ 'વાર્ષિક મૂલ્યાંકન' શબ્દથી પરિચિત હશે. આ શબ્દ સમૂહ નોકરી કરનાર કર્મચારીના વર્ષ દરમ્યાન કરેલ કામની સમીક્ષા કરીને તેનું મૂલ્યાંકન કરવા માટે વપરાય છે. આ મૂલ્યાંકનના આધાર પર કર્મચારીનો વાર્ષિક પગાર વધારો કે પદોન્નતિ નક્કી કરવામાં આવે છ. મોટા ભાગે આ પ્રક્રિયા ડીસેમ્બરના અંતમાં કે જાન્યુઆરીની શરૂઆતમાં કરવામાં આવે છે. આ મૂલ્યાંકન માટે ઘણા પ્રકારની કર્મચારી મૂલ્યાંકન વિધીઓ હોય છે જેમકે ત્રણસો સાંઈઠ ડીગ્રી મૂલ્યાંકન, અધિકારી- સ્વમૂલ્યાંકન વગેરે. આ મૂલ્યાંકનના કેટલાક મુદ્દાઓ વ્યક્તિગત કે વૈચારિક હોય છે જેમકે કર્મચારીના વાણી અને વહેવાર. દેખાવ વગેરે જ્યારે કેટલાક મુદાઓ માપી શકાય તેવા હોય છે જેમકે કર્મચારીએ વર્ષમાં કેટલી વાર રજા લીધી છે. કેટલીવાર આગોતરી રજા મંજૂરી કેટલી વાર કામના સમયનું પાલન કરેલ છે અને કેટલો સમય કોઈ મશીન બગડવાને કારણે કે સમારકામ માટે બંધ રહ્યું વગેરે. આ પ્રારંભિક પ્રસ્તાવના સાથે હું આપણી જ્ઞાતિના વર્ષ ૨૦૧૫ માટેનું સામાજીક મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીશ, મેં શક્ય એટલો તટસ્થ રહીને આ અભ્યાસ કરેલ છે.

આ અભ્યાસ કે મૂલ્યાંકનનો આધાર આપણી જ્ઞાતિના મુખપત્ર પ્રકાશ સમીક્ષામાં વર્ષ ૨૦૧૫ દરમ્યાન પ્રસિધ્ધ થયેલી અને આધારભૂત આંકડાકિય માહિતી છે. જે પ્રકાશ સમીક્ષાની 'વેબસાઈટ' પર ઉપલબ્ધ હોઈ અજાણતાં ભૂલ રહી ગઈ હોય તો ક્ષમા યાચના. આંકડાઓ કોઈ પણ બાબતને માપવા માટે અગત્યની જરૂરિયાત અને પ્રાથમિકતા છે. પણ આ સામાજીક મૂલ્યાંકનમાં આંકડા કરતાં પણ વધારે મહત્વનું છે ઝોક કે વલણ જે જ્ઞાતિની ચલિત કે વર્તમાન સ્થિતિમાં જે પ્રકારનું છે તે દર્શાવે છે. મારું માનવું છે કે કેટલાક જ્ઞાતિજનોને આ અભ્યાસના તારણો નહીં ગમે પણ વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે આપણે આંખ આડા કાન ન કરી શકીએ. જ્યાં સુધી કોઈ બાબત પ્રત્યેક આપણને જાણ ન હોય ત્યાં સુધી તે બાબત કે ઝોકને સુધારવા માટે આપણે શું કરવું જોઇએ તે પણ નક્કી ન કરી શકીએ. આ અભ્યાસને જ્ઞાતિની સામાજીક તંદુરસ્તી માપવાના પ્રયાસ તરીકે લઈ શકાય.

આ અભ્યાસ કે લેખ માટે મેં વર્ષ ૨૦૧૫માં જ્ઞાતિમાં થયેલ ચાર મુખ્ય સામાજિક બનાવોના આંકડાઓને ધ્યાનમાં લીધેલ છે જે છે : જન્મ, મૃત્યુ, લગ્ન અને લગ્નવિચ્છેદ બીજી અન્ય ઘટના કે બનાવ જેમકે દિક્ષા, જ્ઞાતિમાં વર્ષ દરમ્યાન ઉતિર્ણ થયેલા ડીગ્રીધારીઓ તથા સ્થળાંતર. પણ આ બનાવોની આધારભૂત માહિતી ન હોવાથી મેં તેમને ધ્યાનમાં નથી લીધા. આ ચાર સામાજીક પણ વ્યક્તિગત બનાવો કે પ્રસંગોની સમગ્ર જ્ઞાતિના ફલક પર દુરોગામી અસર થઈ શકે છે. આ દરેક પ્રસંગની હું નીચે પ્રમાણે છણાવટ કરવાનો પ્રયાસ કરીશ.

**જન્મ :** આ સંખ્યા જ્ઞાતિની જનસંખ્યામાં ઉમેરો કે વધારો દર્શાર્વે છે. જેનો મેં પૂત્ર જન્મ અને કન્યા જન્મ એમ પેટાવર્ગીકરણ કરેલ છે. વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૧૩૯ જન્મ જ્ઞાતિમાં થયા જેમાં ૭૭ જેટલા પૂત્ર અને ૬૨ જેટલી કન્યાની સંખ્યા થઈ. આ આંકડા દર્શાવે છે કે કુદરતી રીતે જ જ્ઞાતિમાં કન્યા જન્મ દર દિકરાઓના જન્મદર કરતાં લગભગ ૨૦% ઓછા છે જે ભવિષ્યમાં સગપણ માટે ખાસ કરીને યુવાનો માટે સમસ્યા થઈ શકે છે. મારું માનવું છે કે હાલમાં પણ આ સમસ્યા એટલીજ ઉગ્ર છે જેના કારણે આપણી જ્ઞાતિની કોઈ સંસ્થા આશ્રમમાંથી કન્યાઓને જ્ઞાતિના યુવાનો સાથે પરણાવવા ખાસ પરિચય મેળાઓ પણ યોજે છે.

**મૃત્યુ :** આ પ્રસંગ કે ઘટના જ્ઞાતિની જન સંખ્યામાં ઘટાડાનું માપ છે. વર્ષ ૨૦૧૫માં જ્ઞાતિમાં કુલ ૨૨૭ મૃત્યુ થયા (પુરૂષ - ૧૦૮ અને મહિલા - ૧૧૯). આ પ્રસંગના આંકડાઓને જ્યારે વર્ષ દરમ્યાન થયેલા જન્મની સંખ્યા સાથે સરખાવીએ તો જ્ઞાતિમાં વર્ષ દરમ્યાન ૮૮ જ્ઞાતિજનોની ચોખ્ખી ખોટ પડેલ છે. (૨૨૭-૧૩૯ =૮૮), લગભગ બે એક વર્ષ પહેલાં મેં પ્રકાશ સમીક્ષામાં આ વસ્તૂસ્થિતિને ઉજાગર કરતો લેખ મોકલેલ જેમાંની આંકડા તથા ગ્રાફ પ્રસિધ્ધ થયા હતા પણ આખો લેખ નહીં પ્રસિધ્ધ થયેલ. છેલ્લા છ વર્ષમાં પ્રકાશ સમીક્ષામાં પ્રસિધ્ધ થયેલા જન્મ, મૃત્યુ અને તેના આધારિત જ્ઞાતિમાં પડેલ જ્ઞાતિજનોની ચોખ્ખી ઘટ નીટે પ્રમાણે છે.

| YEAR >> | 2010 | 2011 | 2012 | 2013 | 2014 | 2015 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|
| DEATHS | 110 | 264 | 232 | 260 | 259 | 227 | 1352 |
| BIRTHS | 68 | 182 | 185 | 153 | 115 | 139 | 842 |
| **NET DEPLETION** | **42** | **82** | **47** | **107** | **144** | **88** | **510** |

આ આંકડાઓને ગ્રાફ કે કોઠા પ્રમાણે નીચે પ્રમાણે રજૂ કરી શકાય.




આપણી જ્ઞાતિના વર્ષ ૧૯૬૮, ૧૮૭૮, ૧૯૯૦ અને ૨૦૦૨માં પ્રસિધ્ધ થયેલ વસ્તીપત્રકમાં પ્રસિધ્ધ થયેલ આંકડાઓ નીચે પ્રમાણે છે.




આ આંકડાઓ પ્રમાણે અગાઉ દરેક જ્ઞાતિમાં જ્ઞાતિજનોની સંખ્યામાં વધારો થતો હતા પણ છેલ્લા છ વર્ષના આંકડાઓ વતાવે છે કે વર્તમાન પરિસ્થિતિ અલગ જ છે અને ચિંતાજનક પણ ગણી શકાય તેવી છે.

**લગ્ન :** વર્ષ ૨૦૧૫ દરમ્યાન જ્ઞાતિમાં ૧૦૨ લગ્નોની વિગત પ્રકાશ સમીક્ષામાં નોંધાયેલી છે જેમાંથી ૫૪ લગ્નો જ્ઞાતિમાં થયેલ છે. અને ૪૮ લગ્નો આંતરજ્ઞાતિય થયેલ છે. લગભગ ત્રણેક વર્ષમાં પહેલાં પ્રકાશ સમીક્ષામાં આ વિષય પર મારો લેખ પ્રસિધ્ધ થયેલ જેમાં તે વખતના આંકડાઓના અભ્યાસ પરથી લગભગ ૪૦% જેટલા આંતરજ્ઞાતિય લગ્નો થયેલ અને તે બાબત પર જ્ઞાતિ સમક્ષ લાલબત્તી ધરેલ. વર્ષ ૨૦૧૫માં આ આંકડાઓ ૪૭% દર્શાવે છે. જે આંતરજ્ઞાતિય લગ્નના ઝોક કે વલણની ઉધ્ધગતિ દર્શાવે છે. આ અભ્યાસમાં મેં આંતરજ્ઞાતિય સગપણના આંકડાઓને ધ્યાનમાં નથી લીધા પણ ઉપર છલ્લી નજર નાખતાં લાગે છે કે ભવિષ્યમાં આંતરજ્ઞાતિય લગ્નોની સંખ્યા કદાચ જ્ઞાતિમાં થતા લગ્નોની સંખ્યા કરતાં વધી જશે. જ્ઞાતિમાં પૂત્રીઓની લગભગ ૨૦% જેટલી ઘટને ધ્યાનમાં લેતાં આંતરજ્ઞાતિય લગ્નના ૪૦-૪૭% દર્શાવે છે કે માત્ર કુદરતી કારણ કન્યાઓની અલ્પ સંખ્યા ઉપરાંત અન્ય માનવીય કારણો પણ આંતરજ્ઞાતિય લગ્નો માટે વધારે જવાબદાર છે.

**છૂટાછેડા કે લગ્નવિચ્છેદ :** જન્મ અને મૃત્યુના આંકડાના સમીક્ષા જ્ઞાતિની જનસંખ્યાને અસર કરતાં બે પરિબળો ગણી શકાય તેવી જ રીતે લગ્ન અને લગ્નવિચ્છેદ જ્ઞાતિની સામાજીક સ્થિરતાને અસર કરતા પરિબળો ગણી શકાય. વર્ષ ૨૦૧૫માં કુલ્લ ૧૦૨ લગ્નો થયા જેની સામે ૧૪ છૂટાછેડા કે લગ્નવિચ્છેદ પણ નોંધાયા છે. છૂટા છેડાના આ બે આંકડાની સંખ્યાને નજર અંદાજે ન કરી શકાય.

**ઉપસંહાર :** આ અભ્યાસ જ્ઞાતિના મુખપત્ર પ્રકાશ સમીક્ષામાં પ્રસિધ્ધ થયેલા આંકડાઓ અને વિગત પર આધારિત છે. મેં તટસ્થ રીતે જ્ઞાતિને આ મહત્વના ચાર પ્રસંગો વિશે માહિતગાર કરવાની કોશીષ કરેલ છે. જે જ્ઞાતિના અગ્રણીઓ, મહાજનો વિચારકો કે લેખકો માટે વિચાર માટેના મુદ્દાઓ છે. જો સમસ્યા સ્પષ્ટ હોય તો તેના નિરાકરણ માટે જ્ઞાતિવત્સલ અગ્રણીઓ શ્રેષ્ઠીઓ અને મહાજનો ભવિષ્યના કાર્યક્રમો કે નિતિઓ બાબત કશું. વિચારી શકે આપણે વારંવાર ધાર્મિક, સામાજીકે, સાંસ્કૃતિક કે ધંધાદારી મેળાવવાઓ સામાન્ય જ્ઞાતિજનને આંજી દે તેવા સ્તર પર કરીએ છે. જે કદાચ આપણી જ્ઞાતિની આર્થિક પ્રગતિની નિશાની છે પણ આપણી જ્ઞાતિનું અસલ ધન છે જ્ઞાતિજન જેના માટે પણ આપણે એટલું જ ચિંતીત રહેવું જરૂરી છે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ



## (નારી તું નારાયણી)

### નારીઓની સિધ્ધીઓનું અભિવાદન

**શુક્રવાર, તા. ૧૮ માર્ચ ૨૦૧૬** બપોરના ૨.૩૦, સ્થળ : નરશી નાથા સભાગૃહ, ભાંડુપ અનંત સિધ્ધી

૨૦૧૦ ફેબ્રુઆરીથી ૨૦૧૬ ફેબ્રુઆરી સુધીમાં જે બહેનોએ (કોઈપણ ઉમર) સ્ટેટ/નેશનલ કે (રાજ્ય/રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય) લેવલ પર કોઈપણ ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરી હોય તેની વિગતો પ્રુફ સાથે બાયોડાટા, બંધ કવરમાં તા. ૨૬-૨-૨૦૧૬ થી પહેલા સંસ્થાના કાર્યાલય પર મોકલવા વિનંતી.

ક.દ.ઓ. સમાજની નારીએ સમાજ અને પરિવારના વિકાસમાં તેની કુશળતા, ભણતર અને બુધ્ધિ ધનથી હરણફાળ ભરી છે અને વૈશ્વિક સ્તરે તેનું ફલક વિસ્તાર્યું છે એક તરફ સામાજીક, માનસિક, આર્થિક સધ્ધરતા વધી છે. બીજી તરફ આ દેખાતી સુંદર હકીકતની અંદરના પાસાઓના પ્રશ્નો અને નિરાકરણોને આવરી લેતું ગ્રુપ ડિબેટ આયોજવામાં આવ્યું છે. જેમાં કોઈપણ હઠાગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહ વિનાના પારદર્શક વિચારોને વાચા આપી સમાજના વિવિધ પ્રશ્નોને રજુ કરી સમાજના ઉત્કર્ષની નવી દિશાઓ ખુલે એને દ્રષ્ટિમાં લઈ વધુમાં વધુ સંખ્યામાં સમાજની બેનોને ભાગ લેવા આમંત્રિત કરીએ છીએ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન : 022-2344 8274 • ઈ-મેલ : anantnathderasar@gmail.com

● બહેનોની સિધ્ધિવાઓના સીલેક્શનનો આખરી નિર્ણય સીલેક્શન કમિટીનો રહેશે.

કન્વીનર્સ : **કલ્પના દિપક ધરમશી**
098691 21601

---

॥ નમામિ જ્ઞાતિ મૈયૈ ॥

જ્ઞાતિનો કેન્દ્રવર્તી મહાજન
ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

**કાર્યાલય :** C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), જવાહરલાલ નેહરૂ રોડ, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## પ્રતિનિધીઓ મોકલાવવા બાબત

સમસ્ત મહાજનની મહાસમિતી પર આપના મહાજનમાંથી આપના પ્રતિનીધી ચુંટીને મોકલાવવાની આખરી તા. ૩૧ જાન્યુઆરી હતી અને તે અંગેના પત્રો મહાજનોને મોકલવાયેલ હતા. તેમ છતાં, કોઈ કારણસર પત્ર મળેલ ન હોય તો વધુ એકવાર આ વિજ્ઞપતિ દ્વારા અનુરોધ કરીએ છીએ કે સત્વરે આપના પ્રતિનીધીની લેખીત જાણ કાર્યાલયે કરશોજી.

## કેલેન્ડર ૨૦૧૬

અચલગચ્છીય સમાચારી અનુસારના માહિતી સભર, રંગીન કેલેન્ડરો પ્રસિધ્ધ કરવામાં જા.ખ. ના માધ્યમે મળેલ સહયોગ ઉપરાંત તૈયાર કરવા તેમજ જ્ઞાતિના ઘરો ઘર વિતરણ માટે મળેલ સૌના સહયોગ બદલ આભારી છીએ.

સમસ્ત મહાજન ને માન આપી, 'એક જ્ઞાતિ એક કેલેન્ડર'ને અનુસરી જે સંસ્થાઓ એ પોતાના અલગ કેલેન્ડર નથી છાપ્યા તેમનો વિશેષ આભાર.

પૂર્ણ યંત્રણા છતાં, કેલેન્ડર મળવામાં વિલંબ થયો હોય તો ક્ષમા પ્રાર્થી છીએ. અને જો ન મળેલ હોય તો કાર્યાલયે સંપર્ક સાધવા અનુરોધ છે.

સેક્રેટરી જનરલ - **ચીમન મોતા**

# ભારતીય બેંકો અને આપણી જ્ઞાતિ

**રમેશ મુલજી લોડાયા** – ભરૂડિયા, મુલુંડ – 98203 36767

શેર મેનીયામાં ઘણી જોઈન્ટ સ્ટોક બેંકો, ફાયનાન્સીયલ કોર્પોરેશન અને લેન્ડ રેક્લેમેશન કંપનીઓ મુંબઈમાં સ્થપાયી તેમાં આપણી જ્ઞાતિનાં શ્રીમંતો અગ્રેસર હતા. રૂ નાં વ્યવસાયમાં આપણી જ્ઞાતિનું વર્ચસ્વ હોઈ અમેરિકન સિવીલ લડાઈમાં રૂ ના ભાવ વધારાથી જ્ઞાતિજનો ખૂબ કમાયા. શ્રેષ્ઠીઓએ સદમાર્ગે એટલું જ વાપર્યું.

નલીયાનું હરભમ શેઠનું અષ્ટાપદજી દેરાસર, કોઠારા, સાંધાણ, બાંઢીયા, સાંધવ, વારાપધર, બારોઈ, વડસર, જખૌ, જસાપર, મોટી ખાવડી ગૃહ ચૈત્ય, પાલીતાણાના ટૂંકો, ધર્મશાળા, પ્રસિધ્ધ અંજન શલાકા મહોત્સવ, શેત્રુંજય સંઘ, ગિરનાર તીર્થ જીર્ણોધ્ધાર, કેશવજી શેઠનું વાલકેશ્વર જિનાલય, અનેક ઉપાશ્રયો, મહાજનવાડી, પાઠશાળા, ગ્રંથભંડારો આ સમયમાં થયા કે તેની શરૂઆત રૂ ની તેજીમાં મળેલ સંપત્તિમાંથી થઈ. અનેક સંઘો, મેળાવડા આ સમયમાં થયા.

મુંબઈમાં કાપડની મિલો આ અરસામાં સ્થપાઈ, જેમાં કેશવજી શેઠનું પ્રમુખ યોગદાન રહ્યું. પ્રથમ કાપડ મિલ મંગળદાસ નથુએ બોમ્બે યુનાયટેડ મિલ્સથી શરૂ કરી. બીજી મિલ કેશવજી શેઠ અન્ય બે પારસી ભાગીદાર દીનશા માણેકજી પેટીટ અને ત્રીજી મિલ કેશવજી શેઠનાં પુત્ર નરશી શેઠે નરશી સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ લિ. શરૂ કરી. પાછળથી કેશવજી શેઠે ભારતીય ઉદ્યોગનાં પાયોનિયર અને ટાટા ગ્રુપના પ્રણેતા જમશેદજી ટાટા પાસેથી એલેકઝાંડ્રા મિલ્સ ખરીદી. અન્ય મિલ્સ પ્રીન્સ ઓફ વેલ્સ તથા ફલેમીંગ મિલ્સમાં ભાગીદાર બન્યા. સને ૧૮૭૦ સુધીમાં મુંબઈમાં કાપડની ૧૩ જેટલી મિલો હતી જેમાંથી ૪-૫ માં કેશવજી શેઠ ભાગીદાર હતા !!!

રૂ ની તેજીમાં જ્ઞાતિના એક શ્રેષ્ઠી શેઠ વેલજી માલુ પણ ખૂબ કમાયા. એમની સંપત્તિનો આંકડો પોણા કરોડે પહોંચ્યો અને મુંબઈનાં પાંચ ધનાઢ્ય શ્રીમંત વેપારીમાં સ્થાન પામ્યા. એ વખતનાં મોતીશા શેઠનાં વીલમાં ૧૦ લાખ જેટલી સંપત્તિની નોંધ છે તે સરખામણીઓ વેલજી શેઠની શ્રીમંતાઈ કેટલી વધારે હશે તે સમજી શકાય છે. પાછળનાં વરસોમાં રૂ ના ધંધાની મંદીમાં ઘણું સહન કરવું પડ્યું પરંતુ પોતાની પ્રમાણિકતા છોડી નહીં. અંગ્રેજી વેપારીની મદદથી અને ૨૦ લાખ રૂપિયાની સોની પાટો આપી એમણે પાછી ફરેલી તમામ હુંડીઓ ભરપાઈ કરી દીધી. પોતાના જીવનકાળમાં સટ્ટાથી તેઓ દૂર રહ્યા હતા. પુત્ર ત્રિકમજીને પણ એજ સલાહ આપેલી પરંતુ ત્રિકમજી શેઠ સટ્ટામાં સંડોવાયા અને પરિણામે પેઢીને સહન કરવનો વખત આવ્યો.

પ્રારબ્ધનાં જોરે ઓચિંતી આવી મળેલી સંપત્તિનું ક્યા રોકાણ કરવું તે પ્રશ્ન હતો. રૂ ના ધંધામાં મહેનત કરી રૂ ખરીદી, પ્રોસેસ કરી, નિકાસ કરવા કરતાં લોકા રૂ ના વાયદાના રવાડે ચડ્યા. તેજીના માહોલમાં વાયદામાં પણ ઉંચું વળતર મળવા માંડ્યું. ધીમે ધીમે લોકો નવી નવી સ્થપાયેલી કંપનીઓના શેરમાં રોકાણ કરવા લાગ્યા. ગજા ઉપરાંત બેંકો પાસેથી ધિરાણ મેળવી શેરમાં રોકાણ અને સટ્ટો કરવા લાગ્યા.

ભારતમાંથી ગુણવત્તા વગરનું મોંઘુ રૂ ને બદલે ૧૮૬૪માં બ્રિટને ઈજીપ્તમાંથી રૂ ખરીદવાની શરૂઆત કરી. ભારતના રૂ નો હિસ્સો વધીને ૯૦% પહોંચેલ તે ઘટીને ૬૭% ૧૯૬૪માં થયો. છતાં લોકોએ કોઈ તકેદારી લીધી નહી. અમેરિકન વિગ્રહ લાંબા સમયસુધી ચાલશે એમ માની ઉંચા ભાવે ખરીદતા જ ગયા. અમેરિકન વિગ્રહમાં સુલેહ થશે તેવા સમાચારો વચ્ચે વચ્ચે


જય જય શ્રી મોમઈ માત

**શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ (વરાડીયા)ના નેજા હેઠળ આયોજીત કુળદેવી શ્રી મોમઈ માની ૨૪મી સળંગ પહેડી માટે ભાવભર્યું નિમંત્રણ :**

આથી જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષે મુંબઈમાં કુળદેવી શ્રી મોમઈ માની સળંગ ૨૪મી પહેડીનો લાભ **મા. મધુરીબેન શામજી રતનશી ડાઘા પરિવાર** (હાલઃ વાશી, નવી મુંબઈ)એ લીધેલ છે. શ્રી મોમઈ માતાજીને નમતા વરાડીયા ઉપરાંત સુથરી, તેરા, નલીયા તથા ગોએરસમા ગામના સર્વે ડાઘા કુળના ભાવિકોને સપરિવાર, નિયાણી બહેનોને સજોડે તથા આમંત્રિત મહેમાનોને પહેડીમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આપના પરિવારની પરિણીત નિયાણી બહેનોને સજોડે પધારવા નિમંત્રણ આપશ્રી જ ખાસ પાઠવશોજી. **શુભ દિવસ : સંવત : ૨૦૭૨ મહાસુદ-૭, રવિવાર, તા. ૧૪-૦૨-૨૦૧૬**

**શુભ પ્રસંગો :**

| | | |
|---|---|---|
| **સ્થાપના જુહાર** | : | સવારે ૮.૪૫ કલાકે |
| **ભક્તિ ભાવના** | : | સવારે ૯.૩૦ કલાકેથી |
| **નૈવેદ્ય-આરતી** | : | સવારે ૧૧.૪૫ કલાકે |
| **પહેડી પ્રસાદ** | : | બપોરે ૧૨.૧૫ થી ૧.૩૦ |

**શુભ સ્થળ :**

**જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ,**
અનંત સિધ્ધિ, ૧લે માળે, ભાડુંપ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૭૮.

**નોંધ :** પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહિં.

લી. **માતુશ્રી મધુરીબેન શામજી રતનશી ડાઘા પરિવાર સહ...**

**શ્રી ડાઘા મોમઈમાં મિત્ર મંડળ** - વરાડીયા ના જય માતાજી

જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ !



|| શત્રુંજય તીર્થમંડન શ્રી આદિનાથાય નમો નમઃ ||

અરિહંત પ્રભુની અસીમ કરૂણાથી સરલ સ્વભાવી, વર્ધમાન વિદ્યા સમારાધક,
અજોડ શાસનપ્રભાવક પ.પૂ. ગણિવર્ય ભગવંત

# શ્રી કવીન્દ્રસાગરજી મહારાજાના

**સંયમજીવનનું ૪૭મું વર્ષ**

**ગણિપદનું ૨૫મું વર્ષ (રજત વર્ષ પૂર્ણ)**

**વર્ષીતપનું ૧૪મું વર્ષ**

## ના પુનિત ત્રિવેણી નિમિત્તે

**અચિંત્ય ચિંતામણિ, સંકટમોચન, મંત્ર શિરોમણી**

**શ્રી નવકાર મહામંત્રનુ આધ્યાત્મિક અમૃતાનુષ્ઠાન**

'જયંત રાહી' ના સંગે તથા

# ગુરૂ કવીન્દ્ર ગૌરવ સમારોહ

: ધન્ય ક્ષણ :

**રવિવાર, તા. ૨૭ માર્ચ, ૨૦૧૬**

: સ્થળ :

**યોગી સભાગૃહ, દાદર ઈસ્ટ**

: દિવ્ય કૃપાદાતા :

રાષ્ટ્રસંત, કલિકાલ કલ્પતરૂ, અચલગચ્છાધિપતિ ગુરૂદેવ
પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.

: આજ્ઞા આશિષદાતા :

તપસ્વીસમ્રાટ, અખંડ જલમાં વર્ષીતપના આરાધક, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

: આશિષ દાતા :

સૌમ્યમૂર્તિ પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.

**આયોજક : જય જિનેન્દ્ર ગૌતમ નિધિ ટ્રસ્ટ**

જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ ! જય ગુરુદેવ !

આવતા પણ કોઈ નોંધ લેવા તૈયાર નહી. રૂ અને શેરના ધંધામાં વાયદાએ મોટું ઈંધણ પુર્યું. રૂઢીચુસ્તક બેંકો ઉપરાંત નવી બેંકોએ સલામતીના નિયમોનું ઉલ્લંઘન કરી પુરી તપાસણી વગર આડેધડ ધિરાણ કરવા માંડ્યું અને શેરોમાં રોકાણ કરનારાઓને પણ મોટું ધિરાણ આપવા માંડ્યું અને તેજીના આખલાને વેગ આપવાનું કામ કર્યું.

મુંબઈનાં એ વખતના ગવર્નર ફ્રેઅર ખુબ જ બાહોશ વ્યક્તિ હતા. ગવરમેન્ટ નોકરોને સટ્ટાથી દૂર રહેવાની ચેતવણી, પબ્લિકને ચેતવણી પરંતુ કોઈ માનવા તૈયાર નહી. તેઓએ ઓચિંતી આવી પડેલી સંપત્તિનો ઉપયોગ મુંબઈનાં વિકાસ માટે વાપરવા શ્રીમંતોને પ્રેરણા આપી. ફોર્ટમાનો વિશાળ કિલ્લો તોડી જમીન મેળવી વિશાળ રસ્તાઓ, જાહેર બાંધકામોના નિર્માણ કરાવ્યા. હૉસ્પિટલો, આર્ટ ગેલેરી, પાણીના કલાત્મક પરબો/ફુવારા, ગાર્ડન, યુનીવર્સીટી બિલ્ડીંગ, કોન્વેકશન હૉલ, રાજાબાઈ ટાવર, જે. જે. સ્કુલ ઓફ આર્ટ, લાયબ્રેરી, પોસ્ટ ઓફિસ, ટેલીગ્રાફ ઓફિસ વિગેરેના નિર્માણ થયા. મુંબઈમાં વસતિ વધતા જગ્યાના સંકળાશ દૂર કરવા દરિયો પૂરી જમીન મેળવવાને પણ પ્રોત્સાહન આપ્યું.

વાયદાના વેપારનો અતિરેક જાણી ગર્વનરે આ જુગારને અટકાવવા 'વેજર બીલ' લાવવાનો પ્રયાસ કર્યો. વેપારીઓએ વિરોધ કર્યો. અંગ્રેજ વેપારીઓ પણ તેમાં જોડાયા અને વિરોધ કરતાં જણાવ્યું કે આવું બીલ મુક્ત વેપાર પર તરાપ સમાન છે. પરંતુ ગવર્નર ફ્રેઅર મક્કમ રહ્યા. તેઓ જાણતા હતા કે આ તેજી લાંબો સમય ટકશે નહીં. વિરોધની વચ્ચે બોમ્બે લેજીસ્લેટીવ કાઉન્સીલ પાસેથી વેજર બીલ તૈયાર કરાવ્યું. આ બીલ પાસ કરાવી મંજૂરીની મહોર મેળવવા જહોન લોરેન્સ વાઈસરોય અને ગવર્નર જનરલને નવેમ્બર ૧૮૬૪માં મોકલાવ્યું પરંતુ કમનશીબે આ બીલ સીમલા અને કલકત્તા વચ્ચે ગુમ કરી દેવાયું. લોરેન્સ સહી કરી કાનુન બનાવે તેમાં ૭ મહિનો જેટલું મોડું થઈ ગયું.

લોકો એક જ વિશ્વાસમાં રહ્યા કે આંતર વિગ્રહ લાંબો ચાલશે અને રૂ ના ભાવો વધતા જ રહેશે. બેંકો પણ ઉંચા વિશ્વાસમાં રાચતી રહી કે તેમનું ધિરાણ સલામત છે અને ઉંચું વ્યાજ મળતું રહેશે. ૧લી મે ૧૮૬૫નાં વિગ્રહ સમાપ્તીના સમાચાર આવ્યા અને ૧૨મી મે ના વિગ્રહ સમાપ્તીની જાહેરાત થઈ. અમેરિકા ફરીથી બ્રિટનને રૂ પુરું પાડતું થઈ જશે તેથી રૂ ના ભાવ ગગડવા માંડ્યા. લોકો કોઈ પણ ભાવે રૂ વેંચવા નીકળી પડ્યા. રૂા. ૮૨૦ની ગાંસડીના ભાવ રૂા. ૮૮ થઈ ગયા. શેર બજારમાં પણ પરિસ્થિતિ કથળી ગઈ. મોટા વેપારીઓ, ઉદ્યોગપતિઓની સંપત્તિનું બાષ્પીભવન થતું લાગ્યું. રૂ ના મોટા વેપારી બહેરામજી હોરમસજી કામાને રૂા. ૩.૩ કરોડનું નુકશાન થયું. બેંકોની રકમ સમસસર ચૂકવવામાં નિષ્ફળ. ઘણાં વેપારીઓની રકમ આ પેઢીમાં રહી ગઈ. રૂસ્તમજી જમશેદજી જીજીભોટા ખુરશેદજી ફુરૂદીનજી પારેખ, પ્રેમચંદ રાયચંદ, કાસવજી જહાંગીરજી રેડીમની, કે. એન. કાંગા જેવા અનેક માંધાતાઓ પાયમાલ થઈ ગયા. લોકો કોઈપણ ભાવે શેરો વેંચવા નીકળી પડ્યા પણ કોઈ લેનાર નહી.

બોમ્બે રેકલેમેશનનો શેર ૫૫૦૦૦ વાળો ૧૭૫૦ માં

## શ્રી આશાપુરામાં (ભદ્રેશ્વર)ને નમતા ક.દ.ઓ. ગોસર પરિવાર

શ્રી આશાપુરામાં ના આદેશ પ્રમાણે તા. ૨૧-૦૧-૨૦૧૬ને ગુરૂવારે ભોઈમાં અને ગોસર ભાઈઓ ની હાજરીમાં શ્રી પુડસાદાદા ની ઉત્થાપન વિધિ શુભ ચોઘડીએ વિધિ વિધાન સાથે કરવામાં આવેલ છે. શ્રી પુડસાદાદાની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે તા. ૧૭-૦૪-૨૦૧૬ના સવારે ૧૦.૩૦ કલાકે ભાંડુપ અનંત સિધ્ધીમાં મિટીંગ રાખવામાં આવેલ છે. બધા ભાઈઓ અને બહેનો ને આ મિટીંગમાં વધુ થી વધુ સંખ્યામાં આવવા વિનંતી છે. આવનાર ભાવિકો એ પોતાની આવવાની વિગત શ્રી હિતેન્દ્ર ભવાનજી ગોસરને તા. ૧૫-૦૨-૨૦૧૬ સુધી આપવા વિનંતી.

**સ્થળ :** જૈન મંદિર પાસે, ૧૦૭, એલ.બી.એસ. માર્ગ, ભટ્ટીપાડા, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮, મહારાષ્ટ્ર.

નોંધ : ૧) બપોરે ભોજનની વ્યવસ્થા સંઘ તર્ફે રાખવામાં આવેલ છે.
૨) આવનાર વ્યક્તિની યાદી Whatsapp અથવા SMS દ્વારા પણ મોકલી શકાશે.

**શ્રી હિતેન્દ્ર ભવાનજી ગોસર**
૫૦૩, પાંચમાં માળે, સ્નેહદીપ ૧બી, ઓલ્ડ મ્હાડા, દેવરત્ન નગર, સ્વાન મિલ રોડ, ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.
**હિતેનભાઈ** - 09324106060 / 08097940094
**પ્રશાંતભાઈ** - 09819414818

।। શ્રી કુળદેવી અંબેમાતાયે નમઃ ।।

## તેરા ગામ મધ્યે બીરાજમાન અંબેમાતાને નમતા છેડા પરિવારો જોગ

જય માતાજી સાથે જણાવવાનું કે આપણી કુળદેવી અંબેમાતાજીના ભૂવા બનાવવાનો પ્રોગ્રામ **તા. ૧૫-૦૪-૨૦૧૬ને શુક્રવાર (ચૈત્ર સુદ ૯) થી તા. ૧૭-૦૪-૨૦૧૬ (ચૈત્ર સુદ ૧૧)ને રવિવાર સુધી** ત્રણ દિવસનો તેરા મધ્યે શ્રી રાયચંદ ધારશી છેડાના ઘરે કુળદેવી અંબેમાતાના સ્થાને રાખેલ છે. તો સર્વે કુટુંબીઓને તા. ૧૫-૦૪-૨૦૧૬ને શુક્રવારના સ્થાન પર પધારવા નમ્ર વિનંતી. બપોર સુધીમાં આવી જવું. ઘણા વર્ષો બાદ માતાજીનો બોલાવો આવ્યો છે તો રૂડી રીતે પધારવા વિનંતી.

**વ્યવસ્થામાં :** ૧) રહેવાની સગવડ તેરા તિર્થે અતિથી ગૃહમાં રાખેલ છે. ૨) રસોડાની વ્યવસ્થા તેરા મહાજનવાડીમાં રાખેલ છે. ૩) ટીકીટોની વ્યવસ્થા જાતે કરવી પડશે. **વધુ વિગત માટે સંપર્ક** જયચંદ રાયચંદ છેડા – ૦૯૪૨૯૦૮૧૦૩૮, હિરાચંદ રાયચંદ છેડા – ૦૮૧૪૦૨૯૦૪૯૦, અમીત લહેરચંદ છેડા – ૦૯૪૨૭૨૭૨૪૪૭

શ્રી શાંતીનાથાય નમો નમઃ

# શ્રી કચ્છી દશા ઓશવાલ સમસ્ત જ્ઞાતિને ૨૦૧૬ ની સાલે શ્રી કચ્છ દેશે સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાના ૧૫૦ વર્ષ ગાદીશીન સાર્ધ શતાબ્દી પંચાન્હિકા મહોત્સવના પાવન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

હે પરમાત્મા સાંધવ નગર ના રાજાધિરાજ શ્રી શાંતિનાથ પ્રભુ
હે પ્રભુ ! હે નાથ !

**સાંધવ નગર સાથે આપનો ૧૫૦-૧૫૦ વર્ષનો અધ્યાત્મિક નાતો સચવાયો છે... ૧૮૦૦-૧૮૦૦ મહિનાઓ અવધૂત આનંદ પથરાયો છે... ૫૪૦૦૦ દિવસો થી અંતરંગ યાત્રા ચાલે છે.... ૧૨ લાખ ૯૬ હજાર કલાકોની આત્મીયતા આપની સાથે બંધાયેલી છે... તેની આ ઉજવણી છે તેનો આ ઉત્સવ... પ્રભુ પધાર્યા ની ઉજવણી ! પ્રભુ પધારોની વિનવાણી !**

## સવંત ૨૦૭૨, મહા સુદ ૧૦

| | |
|---|---|
| બુધવાર, તા. ૧૭-૦૨-૨૦૧૬ | સવારના ૦૭.૦૦ કલાકે પ.પૂ. સાધુ-સાધ્વી ગુરૂ ભગવંતોનો નગર પ્રવેશ અને ભવ્યાતી ભવ્ય સામૈયું, સવારના ૮.૦૦ કલાકે થી કુંભ સ્થાપના, શ્રી દિપક સ્થાપના, શ્રી જવારા રોપણ/નવગ્રહ દશદીકપાલ પૂજન, શ્રી અષ્ટમંગલ પાટલા પૂજન, બપોરના ૦૧.૦૦ કલાકે |
| ગુરૂવાર, તા. ૧૮-૦૨-૨૦૧૬ | ત્રિદિવસીય શ્રી અર્હદ મહાપૂજન નો પ્રારંભ, સવારના ૦૮.૦૦ કલાકે શ્રી જીનાચાર્યવિધિ : લઘુ સ્નાત્ર વિધાન : કુસુમાંજલિ, બપોરના ૦૧.૦૦ કલાકે શ્રી અર્હદ મહાપૂજન ૨૫ કુસુમાંજલિ વિધાન |
| શુક્રવાર, તા. ૧૯-૦૨-૨૦૧૬ | સવારના ૦૮.૦૦ કલાકે શ્રી અર્હદ મહાપૂજન, શ્રી સપ્તપીઠ પૂજન (પ્રથમ વિભાગ) હવન, બપોરના ૦૧.૦૦ કલાકે શ્રી અર્હદ મહાપૂજન, શ્રી સપ્તપીઠ પૂજન (દ્વિતીય વિભાગ) હવન |
| શનિવાર, તા. ૨૦-૦૨-૨૦૧૬ | ધ્વજારોહણ દાદાની ૧૫૦મી વર્ષગાંઠ નો ધન્ય દિવસ, સવારના ૦૮.૦૦ કલાકે ભવ્યાતીભવ્ય રથ યાત્રા, ૦૯.૩૦ કલાકે શ્રી સત્તર ભેદી પૂજા, ૧૧.૧૫ કલાકે ધ્વજા ચડાવનાની વિધિ, બપોરના ૦૧.૦૦ કલાકે શ્રી અર્હદ મહાપૂજન, બૃહદ સ્નાત્ર વિધાન, મેરુ પર્વતના અભિષેક, અને રાત્રે પ્રભુજીની ભવ્ય અંગરચના મહાપૂજા, અને ત્યારબાદ અભિવાદન સમારોહ. |
| રવિવાર, તા. ૨૧-૦૨-૨૦૧૬ | સવારના ૦૫.૦૦ કલાકે દ્વારોદ્ઘાટન, ૦૯.૦૦ કલાકે શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજન, ૧૧.૩૦ કલાકે ગામ-જમણ (ધુવાબંધ) સાધર્મિક ભક્તિ, બપોરના ૦૧.૦૦ કલાકે સામુહિક શ્રી શાંતિનાથ મહાપૂજન (૧૦૮ સજોડા) |

મહોત્સવ દરમ્યાન દરરોજ પ્રભુજીની ભક્તિ ભાવના, પ્રભુજીની ભવ્ય અંગરચના, દીવડાની રોશની, રંગોળીઓ અને કુમારપાળરાજા. અને ઢોલ શરણાઈઓના મધુર વાદકો, તેમજ ભવ્યતિ ભવ્ય દેરાસરજી ને શણગારવામાં આવશે. તેમજ સવારના નવકારશી બપોરના સાધર્મિક ભક્તિ, બપોરની ચા-પાણી અને સાજે ચૌવિહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

શ્રી શાંતાનાથ ભગવાનને ગાદીશીન ૧૫૦ વર્ષ પૂર્ણ થતા પંચાન્હિકા મહોત્સવમાં પધારવા આમંત્રણ આપી રહ્યા છીએ. આ અણમોલ પ્રસંગે આપસહુ અવશ્ય પધારશો જ એવી અમને પૂરી શ્રદ્ધા છે. આપ શુભ ભાવ રાખશો અને અમારે આંગણે પધારશો. આવશો તો પામશો. સાધક, આરાધક અને ઉપાસક આત્માઓને નિયંત્રિત કરવા ઉત્સાહિત પરિવારનું નેહનીતરનું આમંત્રણ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવના આદેશ થી**

લિ.

**અ.સૌ. દમયંતિબેન ચાંપશી માણેકજી લોડાયા પરિવાર**
સાંધવ / ઘાટકોપર

**સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર**
સાંધવ / મુલુંડ

વેંચાયો, બેંક ઓફ બોમ્બેનો રૂા. ૨૮૫૦ નાં ભાવવાળો શેર રૂા. ૮૭માં, મઝગાંવ લેંડ રેક્લેમેશન કંપનીનો રૂા. ૯૦૦૦ નો શેર રૂા. ૫૧૫માં વેંચાયો. હજુ વાયદા પાકવાનો દિવસ આવવાનો બાકી હતો. તા. ૧.૭.૧૮૬૫નાં રૂા. ૭ થી ૮ કરોડનાં વાયદાઓ પાકતા હતા. આખરે એ દિવસ આવ્યો. કોઈ પણ વાયદા ચૂકવી ન શક્યું. પત્તાના મહેલની જેમ શેર બજાર કકડભૂસ થયું. જાણે ટાટા, બિરલા અને અંબાણી એક જ દિવસે ભાંગી પડ્યા હોય અને કેવી સ્થિતિ સજાર્ય એવું વાતાવરણ સજાર્યું. અનેક બેંકો ફડચામાં ડૂબી ગઈ.

સર રિચાર્ડ ટેમ્પલ એ અરસામાં મુંબઈ આવેલા એમણે નોંધ્યું કે મુંબઈ કટોકટીમાં આવી પડ્યું, નામી વેપારીઓએ મુંબઈને ખેદાન મેદાન કરી મુક્યું, અનેક વરસો જુની નામાંકિત સધ્ધર પેઢીઓ નાશ પામી, અનકે બેંકો નાદાર થઈ. આવો જબર આર્થિક વિનાશ ક્યાંય નોંધાયો નથી. સંપત્તિના શિખર પરથી એકાએક મુંબઈ તળિયે આવી ગયું. ૧૮૬૬ સુધીમાં સેંકડો બેંક નાદાર થઈ ગઈ માત્ર બે જ બેંકો બચી શકી. એક પણ ફાયનાન્સીયલ કોર્પોરેશન બચ્યું નહીં અને માત્ર એક લેન્ડ રેક્લેમેશન કંપની ટકી શકી. આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓએ સ્થાપેલ તમામ જોઈન્ટ સ્ટોક બેંક, બધી ફાયનાન્સીયલ કંપની અને લેન્ડ રેક્લેમેશન કંપનીઓ ખતમ થઈ ગઈ. મજબૂત બેંક ઓફ બોમ્બે પણ નિષ્ફળ નીવડી. શેરો, મિલ્કતનાં ભાવો ગગડી જતાં, ધિરાણ કરનારાઓને ખૂબ જ નૂકશાન. લેણદારો નાદારની મિલ્કતમાંથી જલ્દી નાણાં છુટા થાય તે માટે મુંબઈ સરકારે કાયદો લાવવા વિનંતી કરી. બેંકોએ પણ સરકારને તુરત કાયદો લાવવાની રજૂઆત કરી.

૧૮૬૫માં મુંબઈ હાઈકોર્ટમાં મી. એન્સ્ટી કામ ચલાઉ જજ નિમાયા. તેઓ ખૂબ જ કડક અને ચુસ્ત. ખૂબ જ આકરા નિર્ણયો આપ્યા. મુંબઈ સરકારે મિલ્કતમાંથી લેણદાર જલ્દી છુટા કરી શકે તે માટે એક્ટ XXVIII ૧૮૬૫ દાખલ કર્યો જેથી હાલતમાં જલ્દી સુધાર આવી શકે. જસ્ટીસ એન્સ્ટીએ ગુનેગારોને સખત જેલની સજા, ઘણાની મિલ્કતો જપ્ત કરી, ઘણાને મુંબઈમાં આવવા પર પાબંધી મુકી. વ્યાપારીઓ એ ગવર્નર બારટલ ફ્રેઅર પાસે જઈ રજૂઆત કરી કે આકરી સજા કોર્ટ ન આપે. પરંતુ ગર્વનરે જજ એન્સ્ટીની તરફેણ કરી. આકરા પગલાથી લોકો ચૂકવણી/પતાવટ કરવા આગળ આવ્યા જેથી પરિસ્થિતિમાં ઝડપી સુધાર આવવાની શરૂઆત થઈ. પરંતુ આ બનાવથી મુંબઈ સદીઓ જેટલું પાછળ પડી ગયું. મુંબઈની વસતિ ઘટી ગઈ. છતાં સમજદાર લોકો ઘણું સાચવી શક્યા.

જ્ઞાતિનો ૨૫ વરસનો સુવર્ણકાળ કહી શકાય તેમાં ૧૮૬૦ થી ૧૮૬૫ નો પ્રમુખ કાળ હતો આજે આપણાં એ વડિલો હયાત નથી પરંતુ સારા સમયમાં મેળવેલી સંપત્તિનો સદ્કાર્યોમાં ઉપયોગ કર્યો તેવો ઐતિહાસિક વારસો આપણી પાસે છે. મુંબઈ, અમદાવાદમાં કાપડની ઘણી મિલો સ્થાપાઈ અને આપણો રૂ ના વ્યવસાયમાં ફરી સારા દિવસો આવ્યા.

બીસમી સદીના પૂર્વાધમાં ઘણી બેંકો સ્થપાયી અને તેમાં બે બેંકમાં આપણી જ્ઞાતિ વિરલાઓએ અનેરૂં યોગદાન આપ્યું છે જેની વાત આવતા અંકે... .... ક્રમશ


## માંગલીક : ધાર્મિક પ્રસંગો તથા પ્રાર્થના સભામાં ઈરફાન મીર એન્ડ પાર્ટી !

ચાંદલા વિધી, સંગીત સંધ્યા, દાંડીયા રાસ, રીંગ શેરેમની, હસ્ત મેળાપ, રિસેપ્શન, ધાર્મિક પુજન, માતાજીની પહેડી તથા લગ્ન જયંતિ - બર્થડે પાર્ટીની ઉજવણી તેમજ દિવંગત આત્માની પ્રાર્થના સભામાં 'ઈરફાન મીર' નો સુમધુર કંઠ સાથે સંપૂર્ણ સંગીત પાર્ટીના આયોજન વડે આપના પ્રસંગને યાદગાર સંભારણું તથા ઉપસ્થિત સ્વજનો/સ્નેહીજનોને ભાવ વિભોર બનાવવા સુપ્રસિધ્ધ/કલાકાર 'ઈરફાન મીર'

મો.: 098253 77293
ઘર : (02834) 231277
ઈ-મેલ : irfanmirkutch@gmail.com



।। જય શ્રી સચ્ચાઈ માતા ।।  ।। જય શ્રી ભલારા દાદા ।।

**શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજી ને મોટી વરંડી (કચ્છ) સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ, મુંબઈ ખાતે છઠ્ઠી પહેડી રવિવાર તા. ૧૪-૦૨-૨૦૧૬ ભાંડુપ મધે સવારના ૯.૦૦ થી ૧.૦૦ સુધી રાખેલ છે.**

-: પહેડીના સૌજન્ય દાતા :-

**માતુશ્રી મેઘબાઈ કેશવજી પીર પરિવાર**
ગામ : બાયઠ, હાલ : ભાંડુપ

**: કાર્યક્રમ :**

૧) સ્થાપના, ૨) પહેડી ભાવના-પ્રસાદ,
૩) સભા અહેવાલ-સંવત ૨૦૭૩ માગશર સુદ-૫ની ધ્વજા ચડાવવાનો આદેશ.

**સ્થળ :** કુકરેજા કોમ્પલેક્ષ હૉલ, અનંત સિધ્ધિ દેરાસરની સામે, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

તા.ક.: સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.

સંપર્ક :
મણિલાલ ડી. શાહ - 093222 76296
રમેશ લોડાયા - 098920 03940
અનિષ શાહ - 098335 11685

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ

શ્રી સચ્ચાઈ માતાય નમઃ | શ્રી ભલારા દાદાય નમઃ

# શ્રી ભલારા દાદા મુળ સ્થાનક

**પીર ફળીયા, સુથરી - કચ્છ**

## સંપૂર્ણ સંગમરમરનું નુતન મંદિર



**શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માં ના ભાવિકો જોગ,**

પીર ફળીયા, મુળ સ્થાનક સુથરીમાં બિરાજમાન શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈમાં ના સંપુર્ણ સંગમરમરના નુતન મંદિરની શીલા ન્યાસ વિધિ શુક્રવાર, તા. ૧૩/૧૧/૨૦૧૫ના શ્રી ભલારા દાદાના ભુવા શ્રી દિનેશ વિશનજી દંડ તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માની ભુઈમાં શ્રીમતી વિણાબેન દિપક પીર ના આશીર્વાદ તથા સાધ્વી શ્રી મહાયશાજીના વાક્ષેપ તથા વિધીકારની વિધી સાથે અનેક ભક્તગણની નીશ્રામાં ધામધુમ થી કરવામાં આવેલ છે. આ પ્રસંગે શેઠશ્રી કુલીનભાઈ પીર, શ્રી કિર્તીભાઈ લોડાયા, શ્રી મહેન્દ્રભાઈ પીર, શ્રી મયુરભાઈ પીર, શ્રી મહેશભાઈ લોડાયા તથા ગામજનો બાહોળી સંખ્યામાં હાજર રહેલ. શ્રી ભલારા દાદા મુળ સ્થાનક તરફથી ગામ જમણ રાખવામાં આવેલ. સંપુર્ણ સંગમરમર ના નુતન મંદિરનો અંદાજિત ખર્ચ રૂા. ૧ (એક) કરોડ છે. મકરાણામાં આરસનો ઑર્ડર આપેલ છે અને મારબલ નુ કામ શરૂ થઈ ગયેલ છે. વૈશાખ સુદ ૮ સુધી તૈયાર કરવાની ઈચ્છા /સંકલ્પ છે.

સંપુર્ણ સંગમરમર ના નુતન મંદિર બાબતે આપના સલાહ સુચન તથા સાથ સહકાર (તન, મન ધન) આવકાર્ય છે.

લી.

### શ્રી ભલારા દાદા મુળ સ્થાનક કમિટી વતી

| | |
|---|---|
| શ્રી કુલીનભાઈ પદમશી પીર - 098205 70999 | શ્રી કિર્તીભાઈ પદમશી લોડાયા - 098331 52695 |
| શ્રી મહેન્દ્રભાઈ પદમશી પીર - 099305 00030 | શ્રી દિનેશભાઈ વિશનજી દંડ - 098671 39421 |
| શ્રી મયુરભાઈ ખીમજી પીર - 098210 54521 | શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા - 098696 12369 |




## કચ્છ એકમમાં ગાંધીધામ વિસ્તારને વધારે પડતું પ્રતિનિધિત્વ

**પ્રકાશ સમીક્ષા** (તા. ૪ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૬)ના અંક ૧માં કચ્છ એકમની થયેલી ચૂંટણીમાં નિર્વિરોધપણે ચૂંટાયેલા ૨૧ જાણની નામાવલી વાંચી. જાણવા મળ્યું છે કે કુલ ૨૯ ઉમેદવારોમાંથી ૮ જણે ઉમેદવારી પાછી ખેંચી લીધી એટલે બાકીના ૨૧ ઉમેદવારો આપોઆપ ચૂંટાઈ આવ્યા. ઉમેદવારી પાછી કેવી રીતે ખેંચવામાં આવે છે તે આપણે જાણીએ છીએ. મારે તો ભૂ.પૂ. નાની ન્યાતના પ્રતિનિધિત્વ બાબત જાણકારી પ્રાપ્ત કરવી હતી. કોશિશ કરી તો  જાણવા મળ્યું કે એક સભ્યને એકમમાં સ્થાન મળ્યું છે. પ્રકાશ સમીક્ષાનો અંક તે પછી હાથમાં આવ્યો ૨૧ની સંખ્યામાં ભૂ.પૂ. નાની ન્યાતના બે સભ્યોને સ્થાન મળ્યું હોત તે આનંદ થાય. જેમ અમુક વ્યક્તિઓને સમજાવીને ઉમેદવારી પાછી ખેંચવા માટેની કસરત કરાઈ, તેવી જ રીતે ભૂ.પૂ. નાની ન્યાતના હજી એક સભ્યને એકમની કારોબારીમાં સમાવિષ્ટ કરવા માટે સમજાવી શકાયા હોત. પણ બન્યું છે સાવ ઊલટું જે એક ઉમેદવારે ફોર્મ ભર્યું હતું તેના ઉપર જ ઉમેદવારી પાછી ખેંચવા માટે દબાણ લાવવામાં આવ્યું હતું. પણ એ ભાઈ મક્કમ રહ્યા. અન્યથા કચ્છ એકમમાંથી ભૂ.પૂ. નાતી ન્યાતનો અકડો પણ ભૂસાઈ ગયો હોત જાણવા મળ્યું છે સમસ્ત મહાજનમાં તો કચ્છમાંથી ભૂ.પૂ. નાની ન્યાતના એકપણ સભ્યને સ્થાન મળ્યું નથી.

હવે મૂળ વાત કચ્છ એકમમાં ચૂંટાયેલા ૨૧ સભ્યોમાંથી ૧૨ સભ્યો તો બૃહદ્ ગાંધીધામ વિસ્તારના જ રહેવાસી છે. બાકી ૭ જણ સમગ્ર કચ્છમાંથી ચૂંટાયા છે. (૪-ભુજ, ૧-કોઠારા, ૧-નલિયા અને ૧-નેત્રા). એટલે આમ જોઈએ તો કચ્છ એકમમાં બૃહદ્ ગાંધીધામ વિસ્તારની મોનોપલી છે. એ સ્પષ્ટ જણાઈ આવે છે. આમાંથી ઘણા સભ્યો આ પહેલાં ગાંધીધામ મહાજનનો કારોબાર સંભાળતા હતા. વર્ષોથી તેઓ ગાંધીધામમાં સ્થાયી થયા છે. એટલે તેમના મૂળ ગામનો પ્રશ્ન અહીં ઉપસ્થિત થતો નથી.

કચ્છ એકમ પોતાની પ્રવૃત્તિઓની વિસ્તાર કરે એની આશા રાખીએ.

## આપણે જૈન છીએ ? – સામેના પાનાથી ચાલુ

કેટલાક સમય પહેલાં ઈન્ડિયન એરલાઈન્સએ એક પરિપત્ર બહાર પાડ્યો હતો કે વરખ એ માંસાહાર છે માટે કોઈ પણ મીઠાઈ પર વરખ લગાડવું નહી. જ્યારે કોઈ ઈન્ડિયન હોટલે ગુલાબ જામુન કે પાન આપે ત્યારે તેના વરખ નહી લગાડવાની પણ સૂચના અપાઈ હતી.

જે શાકાહારીઓ પાન ખાય છે. તેમણે તેમાંની ચળકતી સોપારીના કારણે માઈલો સુધી બળદનુ આંતરડું ચાવીને ખાયા કર્યુ હશે. મારી પાસે બીજી પણ એક મહત્વની માહિતી આપવાની છે પાનમાં તમે જે ચુનો લગાડો છો તે પણ શાકાહાર નથી કેટલોક ચૂનો લાઈમમાંથી બને છે. તે નુકસાનકારક છે. પરંતુ પાન બનાવનારા જે ચૂનો વાપરે છે. તે મોટા ભાગનો સી-સેલ્સનો બનેલો હોય છે.

સી-સેલ્સ એ મરેલા પ્રાણીઓ નથી પણ નાના દરિયાઈ જીવો છે જે દરિયાઈ કિનારા અને બીચ ચોખ્ખા રાખે છે. આ નાના જીવાણુઓને પાણીમાંથી બહાર લાવીને મારી નખાય છે. આ જીવાણુઓને ભેગા કરીને મીક્સ કરવામાં આવે ત્યારે જે દ્રાવણ તૈયાર થાય તેને 'ઈટહીલ' કહે છે.

આ ઈટહીલને પાણીમાં ઉકાળવામાં આવે છે. અને તેને સોફ્ટ બનાવવા પ્રયાસ થાય છે. ત્યારબાદ તેને દરિયા કિનારે સૂકવવામાં આવે છે. ત્યારબાદ તેનો સફેદ પાવડર બનાવાય છે. આ પાવડરમાં કોઈ એડહેસીવ કેમીકલ મીક્સ કરીને તેને પાનમાં ચૂના તરીકે વપરાય છે.

આમ, જ્યારે પણ તમે ચૂનાવાળુ પાન મોંમા મુકો ત્યારે યાદ રાખજો કે તમે દરિયાના નાના જીવોને મોઢામાં રાખીને ચાવી રહ્યા છો.આ તો એવું થયું કે તમે બકરોં કે ભૂંડનું માંસ ખાવ ત્યારે તેમની હત્યા અંગે જે અરે રાટી અનુભવો એ જ પૃથ્વી પરના તમામ જીવો માટે થવી જોઈએ. હવે તમે જ્યારે પાન ખાવ ત્યારે ત્યારે યાદ રાખજો કે તેમાંથી ચૂનો કઢાવી ના ખજો અને બળદનું આંતરડું ચાવવું ના હોય તો  તેમાંથી વરખવાળી સોપારી કઢાવી નાખજો. અહી એપણ ઉલ્લેખનીય છે કે વરખ બનાવવાના ધંધામાં પરોવાયેલા અને ચામડાના ઉદ્યોગ સાથે સંકળાયેલા એક જ કહી શકાય.

વનસ્પતિ ઘીમાં ગાયની ચરબી વાપરનાર જૈન વૈપારી પણ આ લાઈનમાં આવે છે. આ બધી મૃત પ્રાણીના શરીરમાંથી બનતી વસ્તુઓ છે તે ભૂલવું ના જોઈએ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## આપણે જૈન છીએ ?

જમ્યા પછી પાન ખાવાની ફેશન બહુ પ્રચલિત છે. પરંતુ આ પાન ખાતા પહેલા બે મુદ્દા યાદ રાખવા જોઈએ કે તમે ભલે પાન ચાવતાં-ચાવતાં તેની લહેજ ઉઠાવતા હોત પણ તેની પાછળ બળદનો ચિત્કાર અને દરિયાઈ જીવોની વેદના છુપાયેલી છે. ટૂંકમાં તમે જે પાન ખાવ છો તેમાંની વરખવાળી સોપારી એ બળદના આંતરડાનો ભાગ હોય છે અને તેનામાં ચૂનો દરિયાઈ જીવોના મૃતદેહને ક્રશ કરીને બનાવ્યો હોય છે. અહીં આ બંને મુદ્દાની વિગતો સમાવાઈ છે.

જમ્યા પછી વર વરખવાળી ચળકતી સોપારીને મોમાં રાખવી કે તેનો ફાકો મારવો એ આજકાલ ટ્રેન્ડ બની ગયો છે, તમે જ્યારે આ વરખવાળી સોપારી ખાવ છો ત્યારે ઉપર ચોંટાડેલા વરખની કુંડળી તમને ખબર નથી હોતી પરંતુ આ વાંચ્યા પછી તમે વરખવાળી સોપારી કે વરખવાળી મીઠાઈ ખાતો સો વાર વિચારતા થઈ જશો અને તે ખાતા વખતે તમારી સામે મૂંગા પ્રાણી (બળદ)નો ચહેરો આવશે.

આ વરખવાળી સોપારી કે મીઠાઈ તમે ખુશી-ખુશી આરોગો છે તે હકીકતે તો બળદના આંતરડામાંથી છોલીને કાઢેલું મટીરીયલ છે!! આ પણ એવો બળદ કે જેને એક દિવસ પહેલાં જ કાપેલો હોય !!

ચાંદીના વરખની બનાવટની આ વાત કંપારી છૂટે એવી છે જે મીઠાઈઓને આકર્ષક બનાવવા તેના પર ચળકતો પદાર્થ પાથરવામાં આવે છે. તેને વરખ કહે છે. તમે કોઈ મંદિરમાં જાવ ખાસ કરીને જૈન મંદિરમાં જશો તો વરખનો વપરાશ વધુ જોવા મળશે. જૈન સમાજનું કેપીટલ સીટી ગણાતું અમદાવાદ ભલે સૌથી શાકાહારી લોકો હોવાનું ગૌરવ ધરાવે પણ પરંતુ ભારતના માર્કેટમાથી સૌથી વધુ વરખ અમદાવાદમાં આવે છે. તે પણ હકીકત છે.

આશ્ચર્ય તો એ વાતનું છે કે વરખ બનાવવાના ધંધામાં રાજસ્થાન અને ગુજરાતના વેપારીઓ એ પણ ઝુકાવ્યું છે.

સિલ્વરની ફોઈલ બહુ મોંઘી નથી. તે વજન પ્રમાણે વેચાય છે. ૪ ઇંચ X ૨ ઇંચની ૧૫૦ ફોઈલના પેકેટની કિંમત ૧૦૦થી ૨૦૦ રૂપિયા જેટલી હોય છે. ટૂંકમાં એક ફોઈલ એક રૂપિયામાં પડે. તેનો ભાવ ભલે ઓછો હોય પરંતુ પ્રોડકશન તે આકર્ષક બનાવી શકે છે. મીઠાઈ અને મીઠી સોપારી તો વરખથી દીપી ઉઠે છે. હવે તો ફળોને ચમકાવવા અને લોકાનું ધ્યાન ખેંચાય એટલા માટે લાલ સફરજન પર પણ વરખ લગાડાય છે. આયુર્વેદની મેડીસીનમાં પણ વરખ વપરાય છે.

આ સિલ્વર ફોઈલ કેવી રીતે બને છે ? તમને એમ લાગતું હશે કે કોઈ સિલ્વર મેટલ શીટમાંથી બનતી હશે કે સોનામાંથી બનતી હશે પરંતુ તમને એ સાંભળીને આઘાત લાગશે કે બળદના આંતરડાની સપાટી પરના કેટલાક ભાગમાંથી તે બનાવાય છે. સરળ ભાષામાં લખીએ તો કસાઈ ખાનામાં બળદની કતલ થાય છે. ત્યારબાદ તેના આંતરડાને વરખ બનાવનાર ઉકાળે છે અને તે ગરમ હોય આંતરડાની સપાટીનો ભાગ ખેંચી લે છે. અહી તાજુ આંતરડું જોઈએ. બે દિવસ પહેલાં કત્તલ કરેલા બળદનું આંતરડું વરખ બનાવવા કામમાં આવતું નથી. એક દિવસ પહેલા કતલ કરેલા બળદના આંતરડામાંનું વરખ તેનો ચોટી રહેવાનો ગુણધર્મ નથી ધરાવતું.

વરખ બનાવનારા તાજા મારેલા બળદના આંતરડાનું લોહી અને ચોંટેલા અન્ય પદાર્થો સાફ કરે છે પછી અંતરડાના નાના ટુકડા કરીને એકબીજા પર ગોઠવે છે. ત્યારબાદ આ ટુકડાને તેના ધંધાની જગ્યા પર લઈ જાય છે. તમે માનો કેના માનો પણ આવી જગ્યા મંદિરોની નજીકમાં હોય છે. વરખ બનાવનાર ત્યારબાદ આ ટૂકડા ચામડાના બેપડ વચ્ચે મુકે છે અને પછી તેના પર હથોડા મારી મારીને એટલી પાતળી બનાવે છે. કે તે ફોઈલ તરીકે વેચી શકાય. જોકે આબ્રોસેસથી બળદના આંતરડાનો કેટલોક ભાગ વરખનો એક ભાગ બની જાય છે. ફોઈલ તૈયાર થાય છે કે તરત જ સોપારી ઉદ્યોગને વેચી મરાય છે મીઠાઈની દુકાનવાળા વરખ સવારે ખરીદે છે કેમ કે તાજી મીઠાઈ પર વરખ ચોંટે છે. વરખના નાના વેપારીઓ વરખને મંદિરોમાં વેચે છે. મોટા ભાગના મંદિરોવાળા વરખ બનાવવાની પદ્ધતિ જાણતા હોવા છતાં આ વરખ ખરીદે છે. તે સૌથી મોટું આશ્ચર્ય છે.

વરખ ખાવું એ માત્ર ડર્ટી નથી પણ કેવી રીતે કોઈ વ્યક્તિ બળદનું આંતરડું ખાવાનું પસંદ કરી શકે ? ખાસ કરીને શાકાહારી લોકો તે કેવી ખાઈ શકે ? વરખ એ શાકાહારી નથી તે સ્પષ્ટ છે.

અનુસંધાન સામેના પાને


**સોનથરી લેડીઝ વીંગ**

**વર્ષ ૨૦૧૬ની ધમાકેદાર શરૂઆત પ્રથમ કાર્યક્રમ**

**તા. ૧૦/૨/૨૦૧૬ બુધવાર**

**સમય : ૩ વાગ્યાથી**

**ગેમ-શો**

સ્થળ : વીરજી જીવરાજ મેપાણી હૉલ,
દેવપુંજ, કસ્તુરબા ક્રોસ લેન, મુલુંડ (વેસ્ટ),

નવા સભ્ય બનવા વહુવારી તથા દિકરીઓને સપ્રેમ આમંત્રણ

**સમયસર પધારી કાર્યક્રમની પુરીપુરી મજા માણશો.**

સભ્ય બહેનોને SMS દ્વારા કાર્યક્રમની જાણ કરવામાં આવશે.

જ્યોતિ — સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

## આરોગ્ય પ્રકાશ : ઘી ખાઈને ચરબી દૂર કરો !

ઘી ખાવાનું કહેવામાં આવે ત્યારે આપણા મોઢામાંથી હાયકારો નીકળી જાય છે. ઘી તે વળી ખવાતું હશે ! ઘી ખાઈએ તો મેદસ્વી થઈ જવાય એવી માન્યતા ઘર કરી ગઈ છે, પરંતુ હકીકત એ છે કે શુદ્ધ ઘીનું પ્રમાણસર સેવન કરવાથી શરીરની વધારાની ચરબી બળે છે અને શરીર ફિટ ઍન્ડ ફાઈન બને છે. વિશ્વના કોઈ પણ દેશ અને સમુદાયની વ્યક્તિ ખાવાપીવાની શોખીન હશે તો તેનું શરીર ભરાવદાર હશે. તેની કમરનો ઘેરાવો વધુ હશે. જો કે, ઘી ખાઈને આ ઘેરાવાને ઓછો કરી શકાય તથા સ્વાદેન્દ્રિય પણ તીવ્ર બને છે. ઘી શરીરને સ્વસ્થ રાખે છે.

આયુર્વેદમાં ઘીને ચરબી બાળનાર તરીકે ઓળખવામાં આવે છે. તેમાં સવારના નરણા કોઠે ઘી લેવાનું કહેવામાં આવે છે. ઘી એ માખણનું અતિશુદ્ધ સ્વરૂપ છે. તેમાં દૂધના કોઈ તત્ત્વો હોતા નથી, જ્યારે ઘી શરીરમાં પ્રવેશે છે ત્યારે ચરબીના કણો તૂટવા લાગે છે. આથી સંગ્રહાયેલી ચરબી બળે છે. જો થોડા પ્રમાણમાં ઘીનું સેવન કરવામાં આવે તો વજન ઓછું થાય છે. જો કે, ત્યારબાદ ચરબી મુક્ત ડાયટ લેવું જોઈએ.

આપણા શરીરમાં રહેલા કેટલાક ટોક્સિન અને ફેટ્ટી ઍસિડ લિપોફિલિક પ્રકારના હોય છે અર્થાત્ તેઓ અન્ય ફેટ્ટી ઍસિડ તરફ આર્કષાય છે, જ્યારે ઘી શરીરમાં પ્રવેશે છે ત્યારે તે છુપાયેલા લિપોફિલિક ટોક્સિનને આકર્ષી બહાર કાઢે છે અને શરીરને અંદરથી ક્લિન કરે છે.

ઘી આંતરડાંનું રક્ષક છે અને તેને સુંવાળું રાખે છે. ઘીમાં મુખ્ય ફેટી ઍસિડ બ્યુટીરિકનું પ્રમાણ વધુ હોય છે જે મુખ્યત્વે તો આંતરડાંમાં રહેલા સારા બેક્ટેરિયા બનાવે છે. આથી આ ઍસિડથી આંતરડાંની ઉપલી સપાટીનું રક્ષણ થાય છે અને તેની દીવાલ ચેપરહિત રહે છે. વળી ઘી ઊંજણનું કામ કરે છે, જેથી આંતરડાંના કોષો સુંવાળા રહે છે. ઘી આંતરડાંની દીવાલ પર રહેલા ખરાબ બેક્ટેરિયાને દૂર કરી મિત્ર બેક્ટેરિયાને સાથ આપે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારનાર તરીકે ઓળખાતું ઘી શરીરમાં ટી-કોષોને વધારે છે. ટી-કોષો રોગપ્રતિકારક શક્તિના વિવિધ કાર્યોનું વિભાજન કરતા મુખ્ય લડાયક કોષો છે. આંતરડાંની સમસ્યા અને નબળી પાચનશક્તિ ધરાવનારાના આંતરડાંમાં બ્યુટિરિક ઍસિડનું પ્રમાણ ઓછું અથવા તો ન હોવા જેવું હોય છે. આથી બ્યુરિટિક ઍસિડ વધતાં જ રોગપ્રતિકારક શક્તિ વધતી હોવાનું જોવા મળ્યું છે.

ઘીમાં વિટામિન એ અને કેરોટેનોઈડસ સારા પ્રમાણમાં હોય છે. આ બંને તત્ત્વો આંખની તંદુરસ્તી માટે અત્યંત જરૂરી છે આથી ઘી ખાવાથી આંખની રક્ષા થાય છે અને રોશની સુધરે છે.

ઘીમાં રહેલા નાના અને મધ્યમ કદના ફેટી ઍસિડનું લીવરમાં સરળતાથી પાચન થઈ શકે. જો આ ઍસિડનું પાચન ન થાય તો તે એડિપોસ ટિશ્યુમાં સંગ્રહાય છે. આ ઉપરાંત ઘી લીવરમાં રહેલા જૂના પિત્તરસને દૂર કરી નવા પિત્તરસને બનાવવા માટે ફરજ પાડે છે.

ઘી ઊંજણનું કામ કરે છે. તેમાં રહેલા ફેટી ઍસિડથી શરીરના કોઈ અંગમાં ખાસ કરીને સાંધામાં સોજો આવતો નથી.

ઘી ઈનસ્ટન્ટ એનર્જી આપે છે. ઘીમાં રહેલા તત્ત્વોનું ઝડપથી વિભાજન થાય છે અને ઊર્જા છૂટી પડે છે. આથી ખેલાડીઓ અને બાળકોને ઘીનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે.

ઘીમાં કોન્જયુગેટેડ લિનોલિક ઍસિડ અને વિટામિન એ ભરપુર હોય છે. આ મિશ્રણ શક્તિશાળી એન્ટિઓક્સિડન્ટ બનાવે છે. તે ફ્રી રેડિકલ્સ સામે લડીને શરીરને ઓક્સિડેટિવ નુકસાનથી બચાવે છે. આથી પેટમાં ચાંદા પડયા હોય કે આંતરડાંના કેન્સરની શકયતા હોય એવા દરદીને ઘીનું સેવન કરવાનું કહેવામાં આવે છે.

વ્યક્તિના મૂડમાં કોઈપણ ફેરફાર લાવ્યા વગર જ ઘી ડિટોક્સિફિકેશનની પ્રક્રિયા કરાવે છે. જો કે, આ બધા ફાયદા મેળવવા માટે ઘીને પીવાનું નથી પણ પ્રમાણસર લેવાનું છે.

## બહુ મોબાઈલ વાપરશો તો ખૂંધ નીકળશે

૫૬ વર્ષના બ્રિટિશ પત્રકાર શેનોન મૅરિસનને પોતે અટેન્ડ કરેલી એક ફેમિલી-પાર્ટીના ફોટોગ્રાફ્સ જોતી વખતે લાગ્યુ કે પોતાના પૉસ્ચરમાં કંઈક લોચો છે. તેમની ગરદન અને પીઠ વધુ પડતી ઝુકી ગયેલી દેખાતી હતી. તેમણે તરત જ ઑર્થોપેડિક ડૉક્ટરનો સંપર્ક કર્યો અને બધું જ ચેક કરીને ડૉક્ટરે કહ્યું કે તમને કાઈફોસિસ નામની તકલીફ થઈ છે. આ તકલીફ આપણે સાદી ગુજરાતીમાં ખૂંધ કહી શકીએ. આપણી ગરદન અને કરોડ જુને સતત ૪૫ અંશ કરતાં વધારે ઝુકેલી રાખવામાં આવે એટલે એને કાયમી ઈજા પહોંચે છે અને એ બેન્ડ વળવા લાગે છે, જે બહાર ખૂંધ સ્વરૂપે દેખાય છે. અત્યારે અત્યંત વ્યાપક પ્રમાણમાં વધી ગયેલી આ તકલીફનું સૌથી મોટું કારણ છે મોબાઈલ ફોનનો વધુ પડતો ઉપયોગ. આપણે જ્યારે ગરદન વાળીને લગભગ ૬૦ અંશના ખૂણે ફોનમાં જોઈએ છીએ ત્યારે આપણી ગરદન પર ૧૨ કિલોનું વજન લાગે છે. આવું સતત થવાથી કરોડે રજજુને ઘસારો પહોંચે છે અને એ બેન્ડ વળવા માંડે છે. બીજી એક સ્ટડી કહે છે કે મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગથી બૅકપેઈન અને લાંબા ગાળે ઑસ્ટિયોપોરોસિસ થઈ શકે છે.

- સાભાર : મીડ-ડે (ગુજ)




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# Post Global Summit Developments

**Tilakchand Lodaya,** ourbrotherhood@yahoo.co.in

After we met at Bengaluru during the Global Summit lot of back office work is being done.

1. The proposed Parasmani Portfolio Plan for group investments with portfolio managers has to be dropped as it is not permitted under SEBI and Money Laundering Act.

2. Shri Hans Kumarbhai hosted a dinner at Bengaluru in honour of all the members of Bengaluru Mahajan who rendered yeomen's service in successfully organising the Global Summit.

3. Draft Bye-Laws of Group-100 for raising funds for startup entrepreneurs of our community have been prepared and circulated for finalisation at the earliest.

4. Regarding Sixteen Swapnas of Sarswati for raising funds for education, they are being creatively designed at Chennai in Association with Shri Rajesh Momaya of Shubh Diamonds.

5. Few of the Mahajans have expressed their interest in organising Sarswati Swapns for raising educational funds in their areas in the year 2016. Others may follow the suit if they want our youngsters to progress.

6. Shri Keval Chheda and Tanvee M of Mumbai are finalising the platform to carry forward the Digital Development work started at Global Summit in association with Shri Lalit Shah. We are trying to associate few more people.

7. Shri Mayank Momaya of Nagpur and his team are proposing to organise for Vidarbha area seminar on similar lines and also devise methods to implement the various schemes finalised at the summit.

8. Chennai Mahila Manch has selected two persons to be taught the usage of moblie phones. One person aged 75 has already joined the WhatsApp group. One lady aged 72 has promised that she will learn the basics in three months. Three Cheers for their spirit.

9. Courtsey our event partner Shri Hanskumar Bhawanji Arjan Khimji, we have published in Prakash Samiksha important photographs and other articles, which have been well received.

10. Few Mahajans who had promised to commence incubation centre in their area are working on it and finalising details.

11. Shri Miteshbhai of Bengaluru has already circulated on U tube the speech of Smt. Nandini during global summit. It has been well recieved even from the community members who couldn't participate. Speeches of other speakers are to follow soon.

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુળજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

## દાંપત્ય જીવનની સુર્વણ જયંતિ




પ.પૂ. મુનીરાજ શ્રી હિતેશ્વર વિજયજી મ.સા. અને બા મહારાજ સા. શ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. (શ્રી હિરજી વીરજી ટ્રાન્સપોર્ટવાળા) ના દિકરી અ.સૌ. રતનબેન અને તિલકચંદ મૈશેરી સાંધાણ તીર્થ વાળાના લગ્ન થયા ને ઢોલ ધબુક્યા અને શરણાઈ વાગી એ વાતને ૫૦ વરસ થતાં લગ્ન-જીવનની સુવર્ણ જયંતિ સાથે ચિ. પારસ નો જન્મ દિવસ ઠાઠમાઠ થી ઉજવવા સારી એવી રકમનો સદ્‌વ્યય કરવા નિર્ધાર કરતાં પૂજન, હોટેલ, રિસોર્ટ, યાત્રા અને ભક્તિ સંધ્યાની ચર્ચા થઈ. પણ નિણર્ય ના લેવાયો. ધાર્મિક સંસ્કારોથી છલછલ પરિવારના પુત્રવધુ ચિ. અંજલ એ યોગાનુયોગ આવતાં ચા-માસીય ગુરૂદેવ સા. શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ત્રણને ચા. મા. પરિવર્તન કરાવીએ તો? નું સુચન કર્યું. સાહેબ અને સંઘને વાત કરી. વાત વધાવી લેવાઈ. ભાવમંગલના મનોરથ સાર્થક થતાં, લ્હાવો લેતાં સા.ભ. સાથે ભાવક સંઘ અને સ્નેહીજનો ના ૧૭૫ જણે માંગલીક નવકારશી અને પ્રભાવનાનો લાભ આપ્યો. પરિવારે મ.સા.ની વૈયાવચ્ચ કરી વાણી નવકારશી, ચૌવિહાર, વંદન, પ્રતિક્રમણ, વાસક્ષેપનો લાભ લઈ તથા બીજા દિવસે ભાંડૂપ થી મુલુન્ડ સુધી સંઘ સાથે પાદ-વિહાર કરી સફળ દાંપત્ય જીવનના શુભેચ્છાના શ્રીફળો વછેર્યા. ઘરને એક દિવસીય ઉપાશ્રય બનાવ્યો વાહ.

અનુમોદનીય આવી ઘટનાએ ઝૂકી તો જવાયે ને?

– લહેરચંદ વેલજી મૈશેરી, ભાંડુપ

**જરી કસબનો નવો સ્ટોક શ્રી મહાવીરમાં - માટુંગા**

- ટેસ્ટેડ કસબની સાડી ચણીયા – ચોલી
- પ્લેઈન જોર્જટ સાડી મટીરીયલ
- પીટા અને કસબની ઘરચોળાની બોર્ડરો
- દરેક પ્રકારનું ભરતકામ ઑર્ડરથી કરાવી આપીશું
- બટ કસબના નવા સેમ્પલો
- ફેન્સીબ્લા અને બોર્ડરોમાં નવો સ્ટોક

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
૧/૩૫૬, રાજ નિકેતન, માટુંગા પોસ્ટ ઑફિસ સામે,
તેલંગ રોડ, માટુંગા (C.R.) મુંબઈ – ૪૦૦ ૦૧૯.
ફોન : 2411 5906 / 86522 39537 • સોમવારના બંધ

## સર્જક અને સંહારક : માઉન્ટ ઍટના

સિસિલીના પ્રવાસોની મનગમતી જગ્યાઓની યાદીમાં માઉન્ટ ઍટનાનું નામ ચોક્કસ હોય છે. સિસિલીના દરિયા કિનારાઓ અને બરોક સ્થાપત્યનાં નગરો દિલને પ્રસન્નતાથી તરબતર કરી દે છે છતાં એમનાથી કાંઈ અલગ જોવું હોય તો એ શક્યતા માઉન્ટ ઍટના પૂરી પાડે છે. પ્રાચીન સમયમાં ગ્રીકો માટે ઍટના અગ્નિનો દેવ અને એક આંખવાળા રાક્ષસનું નિવાસ સ્થાન હતો. ૧,૨૦૦ ચોરસ મીટરની ઍટનાની સપાટી પર જામેલો લાવા પથરાયેલો છે. હજુ થોડા સમય પહેલાં જ એટલે કે ડિસેમ્બર ૨૦૧૫ની ત્રીજી અને ચોથી તારીખે માઉન્ટ ઍટનામાંથી લાવાનો ફવારો ઊડ્યો હતો. જ્યારે જ્વાળામુખીનો સ્ફોટ થાય ત્યારે બહુ સુંદર દૃશ્ય સર્જાય છે. આ જીવંત જ્વાળામુખી જોવા કટાનિયાથી અમે ટેક્સી લીધી. અહીંથી ઍટના જતાં કલાક-સવા કલાક લાગે છે. ડ્રાઈવર અમને થોડું ઘણું સમજાવી શકે તેટલું ઈંગ્લિશ આવડતું હતું. એટલે અમારી મુસાફરી સરળ થઈ. કટાનિયા છોડ્યા પછી થોડીવારે ગ્રામ્ય વિસ્તાર ચાલુ થયો. રસ્તામાં નિકોલોસી ગામ આવ્યું. આ ગામને ધરતીકંપ અને લાવાએ ઘણું નુકસાન પહોંચાડ્યું હોવા છતાં એના રહેવાસીઓ બીજે વસવા તૈયાર નથી. પાંચ હજારની વસતિ ધરાવતા નિકોલોસીમાં ઘણી રૅસ્ટોરાં છે એનું કારણ ઍટના જોવા આવતા પર્યટકો છે.





ઍટનાની તળેટીમાંથી જ લાવાનો વ્યાપ ચાલુ થઈ જાય છે. ડ્રાઈવરે અમને માહિતી આપી કે કાળા રંગને હતો અને નવો લાવા હતો અને જુનો લાવા ભૂખરા થઈ ગયેલા કાળા રંગનો જેવો દેખાતો હતો. જૂના લાવામાં ઘાસ અને ફૂલ છોડ ઊગેલાં હતાં જ્યારે નવા લાવામાં વનસ્પતિની કોઈ નિશાની નહોતી. લાવાએ ગામોને અનહદ નુકસાન પહોંચાડ્યું છે તો બીજી બાજુ જમીનની ફળદ્રુપતા વધારી છે. અમે એક ડુંગર પર બહુ સુંદર લાગતા ગુચ્છાદાર ચીડનાં વૃક્ષો જોયાં. એમને લીધે ડુંગર પણ શોભાયમાન જણાતો હતો. હર્યાંભર્યાં ચેસ્ટ નટ અને બીજાં ફળોનાં વૃક્ષો પણ વિપુલ સંખ્યામાં દેખાયાં જે સુધ્ધાં લાવાની જ દેન છે. ઉમાશંકર જોષીની કાવ્ય પંક્તિ યાદ આવી : જે પોષતું તે જ મારતું, દીસે એ ક્રમ કુદરતી. લાવાચ્છાદિત આ જમીનમાં ઉત્તમ દ્રાક્ષનો પાક લેવાય છે અને તેમાંથી ઉત્કૃષ્ટ વાઈન બને છે. વળી ગામોનું ગંભીર નુકસાન કરનાર ઍટનાને જોવા આવતા પર્યટકો જ એ ગામોની જીવાદોરીનું કામ કરે છે. કુદરતનું પોષણ અને મારણનું ચક્ર અહીં પ્રત્યક્ષ થયું.

ડ્રાઈવરે અમને તળેટીની જમીનમાં ફેલાયેલા મિનરલના રંગો બતાવ્યા હતા તે પર્વત પર ચડતાં કાંસ્ય રંગના ડુંગર અને માટી દેખાયાં ત્યારે વધુ સ્પષ્ટ થયા. જમીન પર ચારે તરફ કાળી માટીનાં ઢેફાં જેવાં લાવાનાં ઢેફાં છવાયેલાં હતાં અને એમની વચ્ચે નવી સડક બનાવવામાં આવી છે. રસ્તાની એક બાજુએ બિસ્માર હાલતમાં એક મકાન દેખાતાં ડ્રાઈવરે ગાડી થોભાવી. અહીં બેઝ સ્ટેશન છે. હજી ઉપર જવું હોય તો ૩૦ યુરોમાં કેબલ કાર પાંચસો મીટર ઉપર લઈ જતી હતી. તેથીય ઉપર જવું હોય તો વ્યક્તિદીઠ ૬૨ યુરો ખર્ચીને જીપમાં જવાતું હતું. ટિકિટ લેતાં પહેલાં બને ટિકિટ લેવી કે એક એ વિશે અમે વિચારવિમર્શ કર્યો, પછી આટલે સુધી આવ્યા છીએ તો શિખર પર તો જવું જ એવું નક્કી કરી કેબલ કાર અને જીપ બંનેની ટિકિટ લીધી. કેબલ કારે ૫૦૦ મીટર વીસેક મિનિટમાં વટાવી દીધા. આ દરમિયાન અમે ઍટનાનો નજારો

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

જોવામાં વ્યસ્ત હતાં, જેમ ઉપર જઈએ તેમ એ વધુ અને વધુ સુંદર થતો જતો હતો. કેબલ કાર થોભે છે એ સ્તર પર ઊભા રહ્યા. નીચેની ખીણ વાદળોથી ભરેલી હતી અને અમારી સમીપે વાદળ ઝળૂંબતાં હતાં. એ વાદળોની ઓથે પર્વત પર ઊભેલી માનવ આકૃતિઓ મનોહર દશ્ય રચતી હતી. તળેટીમાં હોઈએ ત્યારે કલ્પના પણ ન કરી શકીએ એટલી સખત ઠંડી હતી. એક ટોળી પૅરાગ્લાઈડિંગ માટે આવી હતી. થોડીવાર પછી તડકો નીકળતાં તેમણે પોતાની ઉડાન શરૂ કરી. સાહસપૂર્ણ પ્રવૃત્તિઓ તરફ જેમનો ઝુકાવ હોય તેમને ઍટના ઘણી તકો આપે છે. શિયાળામાં માઉન્ટ ઍટના પર જ્યારે બરફથી છવાઈ જાય છે ત્યારે એના ઢોળાવો સ્કિઈંગના શોખીનોને આકર્ષે છે. ટ્રેકિંગના ઉત્સાહીઓ લાવાની કાળી માટી અને ખડકો ખૂંદતાં તો ક્યાંક જંગલમાંથી પસાર થતાં માઉન્ટ ઍટનાના શિખર સુધી ટ્રેકીંગ કરી શકે છે.

અમારે ત્યાર બાદની સફર જીપ દ્વારા લાવાના ખડકોની વચ્ચેથી કરવાની હતી. છેલ્લે જીપ ઊભી રહી ત્યાં જ એક મોટું ક્રેટર (જ્વાળામુખીનું મુખ) હતું. હવે શિખર પર પહોંચવા ચડાણ કરવાનું હતું, જે જમીનની ઢીલી અને ઊંચી નીચી સપાટીને કારણે સાવ આસાન નહોતું. ટોચ પર ઘણાં ક્રેટર છે એમાંના થોડાં બીજાં કરતાં વધુ ક્રિયાશીલ છે. છેવટે અમે મુખ્ય ક્રેટર પાસે પહોંચ્યા જે ઘણું ઊંડું અને પહોળું છે. એ ધુમાડાથી ભરેલું હતું અને અમારા મોઢાં પર એની ગરમ વરાળ ફેંકાતી હતી. ક્રિયાશીલ જ્વાળામુખીને પોતાની આંખોથી નિહાળવાનો આનંદ અનોખો હતો. આ સાથે છોગામાં મળતું હતું. ૩,૩૩૦ મીટરની ઊંચાઈથી દેખાતું સિસિલીનાં ગામોનું સંમોહક દશ્ય ! માઉન્ટ ઍટનાને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજની યાદીમાં સ્થાન આપ્યું છે તે સાર્થક છે. નીચે ઊતર્યા પછી બેઝ સ્ટેશન પાસે આવેલા સિલ્વેટ્રી ક્રેટરને અમે નજીકથી નિરખવા ગયા. અમે ક્રેટર પર ચાલતા હતા ત્યાં વાદળોનું ધુમ્મસ જેવું આવરણ છવાવા લાગ્યું. એ પાતળા આવરણમાં ઢંકાયેલા ઍટના, ગાડીઓની ઝાંખી લાઈટો અને સમસ્ત વાતાવરણ એવાં તો રહસ્યમય અને રોમેન્ટિક લાગતાં હતાં કે બસ માણતા જ રહીએ ! પરંતુ ટેકસી ડ્રાઈવરે જવાનો ઈશારો કરી અમને વાસ્તવિકતામાં આણ્યાં અને અમે ટેકસી તરફ ચાલવા લાગ્યા.

**માઉન્ટ ઍટના વિશે જાણવા જેવું**

● સિસિલીના કટાનિયા શહેરમાં ઇન્ટરનેશનલ એરપોર્ટ છે. માઉન્ટ ઍટના કટાનિયાથી ૩૫ કિલોમીટર દૂર છે. કટાનિયાથી દરરોજ સવારના સવાઆઠે પબ્લિક બસ માઉન્ટ ઍટના માટે રવાની થાય છે. અને સાંજે ચાર વાગ્યે ત્યાંથી પાછી ફરે છે. આ સૌથી સસ્તો પર્યાય છે. કટાનિયામાં આવેલી ટૂર કંપનીઓ ઍટનાની એક દિવસની વિવિધ ટૂર્સ આપે છે જેમાં વાઈન અને મધ વેચતી દુકાનોની મુલાકાત, આજુબાજુનાં ગામોનું દર્શન, ગાઈડ સાથે પગે ઍટના ચડવાની જોગવાઈ વગેરે સગવડોનો સમાવેશ હોય છે.

● રહેવા માટે કટાનિયા ઉપરાંત ઘણી બધી શક્યતાઓ છે. માઉન્ટ ઍટનાની આજુબાજુના કોઈપણ ગોમોમાં રહી શકાય છે. ઍટનાથી પંચાવનેક કિલોમીટર, દૂર આવેલું તાઓર્મિના પણ રહેવા માટે બહુ સુંદર ગામ છે. બધા ગામોમાં સ્વચ્છ, સારી અને ખિસ્સાને અનુકૂળ હોટેલ્સ મળે છે.

● ઈટાલી છે એટલે પાસ્તા અને પિઝા તો બધે હોય જ ! શાકભાજી ને ચીઝ નાખીને બનાવેલો ભાત-રિસોટો પણ મળે છે.

– **ચંદ્રિકા લોડાયા**, જન્મભૂમિમાંથી સાભાર

---

**ટૂંકી વાર્તા : ૨૦મા પાનેથી ચાલુ**

ટીનિયાનું સપનું આવ્યું. એ કહેતો હતો,

'દીદી, મેં તમને કહ્યું હતું ને કે એક વખત મારે જવું છે, મને જવા દો. પણ કોઈએ મારું સાંભળ્યું નહીં. તમે પણ નહીં. એટલે મારે ભાગવું પડ્યું. પણ હું પાછો આવી જઈશ.'

રોશનીની આંખ ખૂલી ત્યારે સવાર થવાની તૈયારી હતી. એણે દોડીને દરવાજો ખોલ્યો તો સામે ટીનિયો ઊભો હતો. રોશનીને જોતાં એ રડવું રોકી ન શક્યો.

એનાં આંસુ લૂછતાં રોશનીએ પૂછ્યું, 'મળી આવ્યો વડદાદાને?' 'ના, વડદાદા વચ્ચે આવતા હતા ને એટલે એમને.... એમને બધાએ મળીને કાપી નાખ્યા. એ લોકોને રસ્તો મોટો બનાવવો હતો.' એ ડૂસકાં ભરતો બોલ્યો.

'વડદાદા તો ન મળ્યા એટલે હું તમારી પાસે આવ્યો. મને તમારા વગર જરાય નહોતું ગમતું. મને માફ કરશોને દીદી?' રોશનીએ ખેંચીને એને ગળે બળગાડ્યો.

– **અન્ના લ્યુપાન**ની રશિયન વાર્તાને આધારે

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.

* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## ટૂંકી વાર્તા : ભરોસો

'ચિલ્ડ્રન્સ રિમાન્ડ હોમ'માં નોકરી કરવાની વાતથી રોશનીને પરસેવો છૂટી ગયો હતો. ત્યાં તો કેવા કેવા ગુનેગાર છોકરાઓ આવે ! કોઈએ મારામારી કરી હોય તો કોઈએ ચોરી, કોઈક તો વળી આવેશમાં આવીને ખૂન પણ કરી બેઠા હોય. બાપ રે ! એવા છોકરાઓ સાથે કેવી રીતે કામ કરી શકાશે ? પણ પિતાના મૃત્યુ પછી જો એ કમાઈને ન લાવે તો ચાલે એમ ન નહોતું એટલે જે મળી એ નોકરી એણે સ્વીકારી લીધી.

પહેલે જ દિવસે એને છ છોકરાઓની ટોળીની જવાબદારી સોંપાઈ. અને કહેવામાં આવ્યું.

'આ છએ છનાં વર્તનની, ચોખ્ખાઈની, શિસ્તની, ભણતરની બધી વાતની તારે દેખરેખ રાખવાની.'

ધારીધારીને છએ જણના ચહેરા જોતા જોતાં એની નજર ટીનિયાની આંખો પર સ્થિર થઈ ગઈ. કેટલી નિષ્પાપ અને નિર્દોષ આંખો ! આ છોકરો કોઈ ગુનો કરી જ ન શકે.

રિસેસના સમયે એની સાથી મિત્રએ હસતાં હસતાં અને ચેતવી.

'અરે, મહાબદમાશ છોકરો છે. એના દેખાવ પર જઈને એને ભોળો સમજવાની ભૂલ ન કરીશ.'

બીજીએ કહ્યું, 'અમે બધાં એનાથી થાકી ગયાં છીએ. કોઈનું કહેવું માને નહીં. પોતાનું ધાર્યું જ કરે અને ગમે તેટલું ધ્યાન રાખવા છતાં અત્યાર સુધીમાં ચાર વાર તો અહીંથી ભાગી ગયો છે. જો કે, દર વખતે થાકીને પાછો પોતાની મેળે જ આવી જાય.' રોશનીને આ સાંભળીને ગભરાટ થવા લાગ્યો. ત્યાં જ એની માના વારંવાર બોલાતા શબ્દો યાદ આવ્યા. 'પ્રેમથી ભલભલા જાનવરને પણ વશ કરી શકાય તો માણસને ન કરાય ? એ તો પ્રેમનો ભૂખ્યો હોય છે !'

પછી તો ભલે એ પોતાને ભાગે આવેલા બધા છોકરાઓની કાળજી લેતી પણ એનું ધ્યાન ટીનિયા તરફ વિશેષ રહેતું. એકલા બેસીને કાગળ પર ચિતરામણ કરતા ટીનિયા પાસે જઈ એ એને ખુશ કરવા કહેતી,

'અરે વાહ, બહુ સુંદર ચિત્ર દોર્યું છે.' મને ખબર છે, તમે અમસ્તું જ કહો છો. ચા ચિત્રને કંઈ સારું ન કહેવાય. મારા કરતાં જગુ વધારે સારાં ચિત્રો દોરે છે.' એ લાપરવાહીથી કહેતો. રોશની એને માથે સ્નેહથી હાથ ફેરવવા જતી તો એ હાથ ઝટકી નાખતો.

'મારા માથે કોઈ હાથ ફેરવે એ મને પસંદ નથી.'

'તને શું પસંદ છે?'

'અહીંથી દૂર દૂર ભાગી જવાનું.' એની ભાગી જવાની વાત સાંભળતાં રોશની ચૂપ થઈ જતી. એક દિવસ દાદર ઊતરતા એ પગથિયું ચૂકી ગયો ને પડ્યો. છેલ્લા પગથિયાની ધાર કપાળમાં વાગી અને ધડધડ કરતું લોહી નીકળવા લાગ્યું. રોશની દોડતી આવી. ફર્સ્ટ એઈડ બૉક્સ લાવીને ડ્રેસિંગ કરીને એને માથે પાટો બાંધી આપ્યો અને પછી ચૂપચાપ બાજુમાં બેઠી. ટીનિયાએ એનો હાથ પકડીને પોતાને માથે ફેરવવા માંડ્યો. રોશનીએ જોયું તો એની આંખના ખૂણેથી આંસુ વહેતાં હતાં. રોશનીનું હૈયું પણ ભરાઈ આવ્યું.

આ પ્રસંગ પછી ટીનિયો રોશનીની નજીક આવવા લાગ્યો. એ કહેતો, 'દીદી, મારે અહીંથી ભાગીને ક્યાં જવું છે ખબર છે ? જુઓ, સામે પેલી ટેકરી દેખાય છે ને, એ ઊતરીને થોડું ચાલીએ પછી મારું ગામ આવે. ગામમાં દાખલ થતાં જ એક મોટું વડનું ઝાડ આવે. મને એ વડદાદા રાત્રે સપનામાં આવીને બોલાવે છે. મારે ત્યાં જવું છે.'

'સારુ, હું પ્રિન્સિપાલ મેડમની રજા લઈને તને લઈ જઈશ.'

'ના, મારે એકલા જ જવું છે, મારી મા એ વડદાદાની પૂજા કરતી, મને પણ સાથે લઈ જતી હું વડવાઈ પર હીંચકા ખાતો. હવે મા તો નથી. કોઈ નથી પણ વડદાદા હાથ પહોળા કરીને મને બોલાવે છે.'

એની વાતો સાંભળીને રોશનીનું મન કરુણાથી છલકાઈ જતું. એને સમજાતું નહીં કે, આ છોકરાની ઈચ્છા પૂરી કરવા એ શું કરી શકે ?

રોશની છએ છોકરાઓને બગીચામાં લઈ જઈને છોડ રોપતાં શીખવતી હતી. બધાને મજા પડતી હતી. માટીથી ખરડાયેલા હાથ ધોવા સૌ દૂરના નળ પાસે જઈને પાછા આવ્યા ત્યારે જગુએ કહ્યું,

'દીદી ટીનિયો ક્યારનો દેખાતો નથી. એ ભાગી ગયો લાગે છે.'

'શું?' રોશનીનું હૈયું જાણે ધબકારો ચૂકી ગયું. મેં કેટલો વિશ્વાસ મૂક્યો હતો એના પર ! મને કહ્યા વિના તો એ ક્યાંય જાય જ નહીં એવો ભરોસો હતો તે મને અંધારામાં રાખીને ભાગી ગયો ?

પ્રિન્સિપાલ મેડમ ખૂબ ગુસ્સે થયાં. 'મેં તને જવાબદારી સોંપી હતી ને ? ત્રણ દિવસનો સમય આપું છું. ગમે ત્યાંથી મને છોકરો જોઈએ.'

રોશની બધે ભટકીને, રઝળીને થાકી. ટીનિયાનો ક્યાંય પત્તો નહોતો. નોકરી તો જશે જ પણ કાયમ માટે કાળી ટીલી ચોંટી જશે. અચાનક એને ટિનિયાની કહેલી વાત યાદ આવી. ટેકરી પાર કરીને ટીનિયાનું ગામ આવે. ત્યાં ગયો હશે ? રાત્રે થાકીને સૂતી ત્યારે એણે બીજે દિવસે ત્યાં જવાનું નક્કી કર્યું. એને

અનુસંધાન ૧૯મા પાને

### વતનના વહેણ

# પૂર્વ કચ્છમાં અનુભવાતા ધડાકા એ ફોલ્ટલાઈનનું સેટલમેન્ટ માત્ર છે, ડરો નહીં નિષ્ણાતોની સલાહ

## શ્રેણીબદ્ધ ભેદી ધડાકાને પગલે ચોબારી પહોંચેલી ગાંધીનગર સિસ્મોલોજીની પંદર સભ્યોની ટીમનું પ્રાથમિક તારણ

ઉપરા ઉપરી ભેદી ધડાકાથી ગાજેલા અને ધ્રૂજેલા વાગડ પંથકનાં ચોબારી ગામે ધડાકાઓનું રહસ્ય ઉકેલવા ગાંધીનગરથી પહોંચી આવેલી ભૂકંપ નિષ્ણાંતોની ટીમે કામ શરૂ કરી દીધું છે. આ ટીમે એક ગંભીર બાબતે ધ્યાન ખેંચ્યું છે કે ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં ભૂકંપ બાદ કચ્છને સતત ડોલાવી રહેલા વાગડ ફોલ્ટની અનેક ફોલ્ટ લાઈનો છે અને ચોબારી તો આ ફોલ્ટ લાઈનોનું હબ છે અને અગાઉ થયેલા મોટા ધરતીકંપની સક્રિય ફોલ્ટ લાઈનોનું ધીમે ધીમે સેટલમેન્ટ થઈ રહ્યું હોવાથી ધડાકા જેવા અવાજ આવી રહ્યા છે, પંદર તજજ્ઞોની આ સમિતિએ કચ્છવાસીઓને આ ધડાકા કે હળવા ભૂકંપના આંચકાથી ગભરાવાની સલાહ આપી છે સાથે સાથ સતર્ક રહેવા અપીલ પણ કરી છે કારણ કે આખે આખું કચ્છ ભૂકંપ ઝોન-૫માં આવતું હોવાથી કોઈપણ ગફલત ભવિષ્યમાં ફરી મુશ્કેલી સર્જી શકે છે.

ડૉ. રાકેશ ધુમકાની આગેવાની હેઠળની આ ટીમમાં ડૉ. ગિરીશ કોઠારી, સિનિયર ભુવિજ્ઞાની વેંકટેશ્વરરાવ સહિત કુલ પંદર સદસ્યો છે, ડૉ. ધુમકાએ ઝીણવટભરી તપાસ દરમ્યાન જણાવ્યું હતું કે ભુગર્ભમાં જમીનનો એક મીલી મીટર જેટલો ભાગ સરકે છે તેથી આવા અનુભવ થાય છે પણ મોટા ભૂકંપની કોઈ શક્યતા નથી તેથી ડરવું જોઇએ નહીં.

ચોબારી ખાતે તપાસ માટે જે સાધનો લાવવામાં આવ્યા છે તે અત્યંત આધુનિક છે, સમગ્ર દેશમાં માત્ર ચાર જ સાધનો છે જેમાંના ત્રણ કચ્છમાં વામકા, બાદરગઢ અને દેશલપરમાં મુકાયા છે જે દર્શાવે છે કે ગુજરાત સરકાર આ આપદા સામે કેટલી સતર્ક છે, રેક્ટર સ્કેલ પર ભૂકંપની નોંધ થાય તે નોંધ આ અત્યાધુનિક મશીનરી કરી રહી છે.

આ ટીમમાં થતી ચર્ચા મુજબ દક્ષિણ વાગડ ફોલ્ટ, ઉત્તરમાં ખારોઈ, ચોબારી ફોલ્ટ, ભરૂડીયા ફોલ્ટ અને પરિશ્રમમાં એકલ અમરાપર ફોલ્ટ છે અને ચોબારી સૌથી મધ્યમા છે તેથી ફોલ્ટ લાઈનોનું હબ ચોબારીને ગણી શકાય. ડૉ. કોઠારીને પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે પ્લેટની સેટલમેન્ટ પ્રક્રિયા ભુતળમાં થઈ રહી છે. રણમાં જે લાલ કલરનું પાણી નિકળી પડ્યું તે સલ્ફર છે અને ભુતકાળમાં રણની નીચે દરિયો હતો તેનો એક પદાર્થ છે, આ લીકવી ફેક્શન પ્રક્રિયા છે, જ્યાં જ્યાં રણમાં દલદલ છે ત્યાં ભુગર્ભમાં થતી ઉર્જાની ઉથલ પાથલ સપાટી પર આવી જાય છે અને સલ્ફર બહાર છલકાય છે ઘણી વખત પીચકારી કે ધોધની જેમ પણ છલકાય છે.

દક્ષિણ વાગડ ફોલ્ટ ચોબારીની ચાંગ નદીમાંથી એક લાંબી લાઈન બનાવે છે, કરોડો વર્ષ પહેલાની પૃથ્વીની ઉથલ પાથલ વખતે ધરતીકંપથી ઊંચે આવેલા ભુભાગ પર હાલ ચીત્રોડ, કાનમેર, માય, કંથકોટ, શિવલખા, ચોબારી આદિ વાગડ વિસ્તાર ઉભા છે. પોતે દાયકાઓથી પગપાળા આ ફોલ્ટનો અભ્યાસ કર્યો હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું. ગાંધીનગરથી દોડી આવેલી ભૂકંપ શાસ્ત્રીઓની ટીમે ચોબારી નજીકનાં રણકાંધી વિસ્તારનું અત્યાધુનિક મશીનો લગાવીને ધડાકાઓનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો ત્યારની તસવીર.

## શ્રી તેરા તીર્થે ત્રિહાન્નહિકા મહોત્સવ

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન તેરાના નેજા હેઠળ સ્વ. શા. ભવાનજી ખીમજી પટેલ (મોતા) તથા પદમશી ખીમજી પટેલ (મોતા) પરિવાર તરફથી પ.પૂ. સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા.ના ૪૫મા વર્ષના દિક્ષા પર્યાય નિમિતે એક ત્રિહાન્નહિકા મહોત્સવ કચ્છ-તેરા મધ્યે : વૈશાખ વદ-એકમ, બીજ, ત્રીજ તા. ૨૨/૨૩/૨૪-મે-૨૦૧૬ના યોજવાનું નક્કી કરેલ છે. દાતાશ્રીના પરિવારજનો તથા શ્રી તે.કુ.લા.ધુ. સંઘના સર્વે ભાઈ-બહેનો તથા નિયાણીઓને આ મહોત્સવ પ્રસંગે શ્રી તેરા ખાતે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. વિગતવાર કાર્યક્રમની જાહેરાત પછીથી કરશું. (હાલ આપના પ્રવાસની જરૂરી ટિકિટ વ્યવસ્થા આપ કરી શકો તે માટે આગોતરી જાણ કરેલ છે). સહુને પધારવા ખાસ વિનંતી.**

**એજ લી.**

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - તેરા તથા**

**શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના જય જિનેન્દ્ર**

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

હમણાજ ગાંધીજીની પુણ્યતિથી આપણે ઔપચારિક રૂપે મનાવી. ગાંધીજી હમેશા કહેતા મારું જીવન એજ મારો સંદેશ છે. આપણે પણ આપણું જીવન એવું બનાવીએ કે આપણે ગર્વથી માની શકીએ કે આપણે સાર્થક રીતે જીવ્યા છીએ.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ કારંજા મૂર્તિજાપુર મહિલા મંચ

કારંજા મૂર્તિજાપુરની મહિલા મંચની તા. ૬.૧૨.૨૦૧૫ ની મીટીંગ સૌ. નેહલ આશીષ મોતાના ઘરે રાખવામા આવેલ. બે ગેમ રમાડવામાં આવી. જાહેર વિજેતાઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

૨૫ ડિસેંબર ક્રિસમસના દિવસે મહિલા મંચ તરફથી 'Sport Day' નું આયોજન કરવામાં આવ્યું. તેમાં સૅક રેસ, લીંબુ ચમચ, ફ્રૉગ જમ્પ, બુક બૅલેન્સ અને પોટેટો પિક અપ એવી વિવિધ ગેમ રાખવામાં આવેલ. ૩ ગ્રુપ રાખેલ હતા. બધાજ ગ્રુપમાં ૨ વિજેતા જાહેર કરવામાં આવ્યા. બાળકોએ ખૂબજ ઈન્જોય કર્યું.

તા. ૧૭.૧.૨૦૧૬ ની બૈઠક સૌ. કોમલ દિલીપ લોડાયાના ઘરે રાખાવામાં આવેલ. મકર સંક્રાંતી નિમીત્ત તિળગુળ આપી હળદી કુંકુ કરી બધાને વાહન આપેલ. ૧ મિનીટ ગેમ રમાડવામાં આવી. જેમાં પહેલા વિજેતા સૌ. રૂપા નંદીષ લોડાયા અને બીજા સૌ. યોગીતા બિપીન ગોસરને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ, ધુલિયા

આસો સુદ પાંચમને શનિવાર તા. ૧૭.૧૦.૧૫ ના મહિલા મંચની સભા સૌ ચેતનાબેન જયેશ ભાટેના નિવાસસ્થાને સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ.

વિદાય લેતી ટીમે મહિલા મંચની નવી કારોબારી સમિતિને કાર્યભાર સોંપેલ જેમાં પ્રમુખ પ્રીતિબેન મોમાયાએ નૂતન પ્રમુખ સૌ. ચેતનાબેન જયેશ ભાટેને, સેક્રેટરી સૌ. નમ્રતાબેન સોનીએ નૂતન સેક્રેટરી સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાને તથા ખજાનચી સૌ. હર્ષાબેન સોનીએ નૂતન ખજાનચી સૌ. ભાવનાબેન હેમેન લોડાયાને હોદાના બેચ પહેરાવી પદભાર સોંપી શુભેચ્છા સાથે અભિનંદન આપેલ. આગળની સભા નૂતન પ્રમુખ સૌ ચેતનાબેન જયેશ ભાટેએ સંભાળેલ અને સહુનું સ્વાગત કરેલ.

નવા વર્ષની શરૂઆત પ્રસંગે પ્રવેશ ફી લેવામાં આવેલ. ગત વર્ષની હાજરીના ઈનામ જેમાં પ્રથમ સૌ. મધુમતીબેન દિનેશ ભાટે, દ્વિતીય સૌ. ભાવનાબેન તૈલેશ ભાટેને મળેલ. મહિલા મંચમાં નવા સૂચનો અંગે ચર્ચા કરવામાં આવેલ. બાદ મહિલા મંચ તરફથી એક મિનિટ ગેમ રમાડવામાં આવેલ જેમાં પ્રથમ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયા તથા દ્વિતીય સૌ. પ્રેરણાબેન વરુણ ભાટે વિજેતા થતાં મહિલા મંચ તરફથી ઈનામ આપવામાં આવેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. નીતાબેન વસંત ગોસરને સૌ. ચેતનાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ. ચિ. લોકેશ ભાટેના જન્મદિન પ્રસંગે રૂ. ૧૦૧/- તથા ચિ. મનસ્વી ભાટેના જન્મદિન પ્રસંગે રૂ. ૫૧/- મહિલા મંચને ભેટ મળેલ.

કારતક સુદ બીજને શુક્રવાર તા. ૧૩/૧૧/૨૦૧૫ના રોજ મહિલા મંચની સભા સેક્રેટરી સૌ. પ્રીતિબેન મોમાયાના નિવાસસ્થાને પ્રમુખ સૌ. ચેતનાબેન ભાટેના પ્રમુખપણા હેઠળ મેળેલ. નૂતન વર્ષના સાલમુબારક કરી ગત સભાની મિનિટ્સનું વાંચન કરેલ. મહિલા મંચ તરફથી વિવિધ પ્રકારના સાથિયા કાઢવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. પ્રેરણાબેન ભાટે તથા દ્વિતીય સૌ. નમ્રતાબેન સોની વિજેતા થયેલ. સૌ પ્રીતિબેને પર્યટન સ્થળ ‘માંડવગઢ’ પર માહિતી આપેલ. બાદ કચ્છના ગામોપર એક ગેમ રમાડેલ જેમાં પ્રથમ શ્રીમતિ કાંતાબેન ચંદ્રકાંત શાહ તથા દ્વિતીય સૌ. મધુમતીબેન દિનેશ ભાટે વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. ચેતનાબેન ભાટેને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. પ્રીતિબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

## સાંધવ પંચાન્હિકા પત્રિકા કંકુ છાંટણા

સાંધવ ગામના શ્રી શાંતીનાથ દાદાની પંચાન્હિકા મહોત્સવની પત્રિકાના કુંકુ છાંટણા તા. ૧૬-૦૧-૨૦૧૬ શનિવાર સવારના ચેમ્બુર અચલગચ્છ ઉપાશ્રયમાં પ.પૂ. સાધ્વી શ્રી અમિતપ્રજ્ઞા આદિઠાણાની શુભ નિશ્રામાં રાખવામાં આવેલ. સાંધવ વાસીઓ શેઠ શ્રી ચાંપશીભાઈ શાહ, શેઠ શ્રી શામજીભાઈ દંડ, ભવાનજીભાઈ લોડાયા, ઉમેશભાઈ દંડ, મુલજીભાઈ લોડાયા,

## ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના

**એક દાતાશ્રીના સહયોગથી થાણા, ડોંબીવલી તથા વિઠ્ઠલવાડી વિસ્તારના જરૂરતમંદ કુટુંબીજનો માટે રૂા. ૨૪૦૦/-માં પરિવારના બે સભ્યોને સામાજિક સુરક્ષા યોજનામાં આવરી લેવામાં આવશે. આ સ્કીમ મર્યાદિત સભ્યો તથા મર્યાદિત સમય માટે છે. ઇચ્છુક જ્ઞાતિજનોએ ૧) દીપક ગંગાજર ડાઘા - 8976017830, 8767753082 અથવા ૨) શ્રી કાંતીલાલ લખમશી વિકમશી - 98330 68881 અથવા ઈમેઈલ kdosss@yahoo.in પર સંપર્ક સાધવા વિનંતી છે.**

પ્રકાશ લોડાયા, લક્ષ્મીચંદ દંડ, મહેશ દંડ, મણીલાલ ખોના, ભરત ખોના તેમજ સાંધવ ગામના ભાઈઓ બહેનો સારી સંખ્યામાં પધારેલ.

કંકુ છાંટણા પ્રસંગે સંગીતકારે સારી એવી રમઝટ જમાવેલ. સંઘપૂજનમાં ચાંદીની ગીની અને રૂા. ૫૦/- તેમજ નવકારશી નો લાભ શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા તરફથી કરવામાં આવેલ. રૂા. ૨૦/- નું સંઘપૂજન શેઠ શ્રી શામજી નરશી દંડ તરફથી કરવામાં આવેલ.

### વરાડીયા - હાજીપીર મેળો

દર વર્ષની જેમ ચૈત્ર માસના ચોથા રવીવાર-સોમવાર તા. ૨૪ તથા ૨૫ એપ્રીલ ૨૦૧૬ના હાજીપીરનો મેળો ભરાશે. કાર્યક્રમમાં રવીવારે બપોરે ૩.૦૦ કલાકે ચાદર, રાત્રે રાસ ગરબા-ડાયરો. સોમવારે સવારે સલામ તથા બપોરે બખ-મલાખાડો. એમ શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળની યાદીમાં જણાવવામાં આવું છે.

### હુબલી

શ્રીમતી રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા વરાડીયાવાલા તરફથી તેમના સ્નેહિજનો અને પૂજા ગ્રુપના મળીને ૭૦ જ્ઞાતિજનોનો સંઘ તા. ૨૧-૧-૨૦૧૬ થી તા. ૨૫-૧-૨૦૧૬ ગિરનારની યાત્રાએ ગયો. આખી યાત્રાના સ્પોન્સર્સ શ્રી શરદ હેમરાજ મોમાયા (વરાડીયા/હુબલી) હતા.

### શ્રી સાંધાણ તીર્થ ધ્વજારોહણ

શ્રી સાંધાણ તીર્થના શ્રી શાંતિનાથજી નવટૂંક જિનાયલની ૧૬૨મી વર્ષગાઠ નિમિત્તે માગસર સુદ બીજને શનિવાર, તા. ૧૨-૧૨-૨૦૧૫ના ધ્વજારોહણનો કાર્યક્રમ ઉજવાયો. વાર્ષિક ધ્વજાનો લાભ માતુશ્રી મણીબાઈ ડુંગરશી ઘરમશી પરિવાર હસ્તે શ્રી ગુલાબ ડુંગરશી શાહએ લીધેલ હતો. તેમના પરિવારના સભ્યો સંસ્થાના પદાધિકારીઓ તથા પૂજા મંડળની બહેનો મળી કુલ વીસ જણા ગામમાં પધાર્યા અને સ્થાનિક ગામવાસીઓ મળી કુલ ૪૦-૪૫ સભ્યોએ કાર્યક્રમમાં ભાગ લીધો. તીર્થ દર્શનાર્થે આવેલ દર્શનાર્થીઓ પણ કાર્યક્રમમાં જોડાયા.

સત્તરભેદી પૂજા કલવા-મુંબઈના શ્રી અભિનંદન મહિલા મંડળની બહેનોએ રાગરાગિણીથી ભણાવેલ. દરેક પૂજા વખતે મંડળના સંચાલક સરલાબાઈ લોડાયા પૂજાનું મહત્વ સમજાવતા અને પછી વિધિ કરાવતા હતા.

આ પ્રસંગ નિમિત્તે સ્ટાફને બક્ષીસ આપવામાં આવી હતી.

સાંધણ તીર્થ મધ્યે અધ્યતન અતિથીગૃહ તથા ભોજનાલયની સુવિધા ઉપલબ્ધ છે.


## "શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનો ને જાહેર આમંત્રણ"

### શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી દ્વારા

**આયોજીત**

## ટ્રેડફેર વ્યાપાર મેળો ૨૦૧૬

શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબીવલીએ પહેલીવાર આવા મોટા પ્રમાણમાં ટ્રેડ ફેરનું આયોજન કરેલ છે જેમા ૭૦ જેટલા વિવિધ સ્ટોલો છે. તેમજ ૧૦૦ જણનો સમાવેશ થઈ શકે એટલો મોટો ફુડકોર્ટ પણ રાખેલ છે. જેમાં વિવિધ વાનગીઓનો સ્વાદ આપ માણી શકશો.

આ ટ્રેડફેરનું ઉદઘાટન આપણા મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા કરશે.

**આપણા જ્ઞાતિજનોને પ્રોત્સાહીત કરવા આપ સૌ મિત્રવર્ગ સાથે પધારશો.**

**શનિવાર, તા. ૬-૦૨-૨૦૧૬** | **સમય : ૧૧ થી ૯ કલાકે**

**સ્થળ : ઠાકુર હૉલ, ડોંમ્બીવલી (ઈસ્ટ), વાસી બસ સ્ટોપની બાજુમાં.**

**રાયચંદ જીવાણી (પ્રમુખ)**

**અતુલ ધરમશી / હેમંત ધુલ્લા** **હરીશ શિયાલ**

**નવા/બદલાયેલા સરનામા –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવિનચંદ્ર એલ. લોડાયા (શાહ)** | એફ/૧૦૨, શ્રી સદગુરૂ પ્રસાદ બીલ્ડીંગ, દેવી ચોક, શાસ્ત્રી નગર, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **ડેની સી. લાલકા** | ૨૧/૧૨, ૧લે માળે, મણિયમ કાલીયપ્પા ગ્રાઉન્ડર સ્ટ્રીટ, કે.કે. પુદૂર, કોઈમ્બતુર-૬૪૧ ૦૩૮ |
| **બિપીન ઝવેરચંદ ધુલ્લા (તેરા)** ફોનઃ ૦૨૨-૨૫૬૩ ૪૪૪૭ | બી ૭૦૪, સાઈનાથ ટાવર, વામનરાવ મુરન્જન વિદ્યાલયની સામે, નીલમ નગર, ગવનપાડા ફાયર બ્રીગેડ પાસે, મુલુન્ડ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૮૧. |
| **શ્રીમતી નલીની મહેન્દ્ર શિયાડ (કચ્છ-તેરા)** | ફ્લેટ નં. ૪, ૧ લે માળે, સાયલી નિવાસ, રિઝર્વ બેંક કોલોની પાસે, વિજય નગર, જુની ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૮૭૦૦ ૪૭૪૧૩, જ્ઞાનેશ ૯૮૨૧૩૦૯૦૬૨, લવ ૯૬૬૪૦ ૨૧૦૭૯ |
| **હંસા મધુકાન્ત દંડ** | માધવ રેસીડેન્સી, નુતન વિદ્યાલય પાસે, અણુશક્તિ નગર પાછળ, શ્રીજી સોસાયટી સામે, વડોદરા-૩૯૦ ૦૨૪. ફોનઃ ૯૧-૨૬૫-૨૭૧૨૧૧૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૧-૧૬ | બેંગ્લોર | યશ, પ્રીતી, કેવલ મહેશ મોતા | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૧-૧૬ | પુના | ધવલ મિલન લાલજી મોમાયા | સાંયરા | ૨૫ |
| | હુબલી | મોનિકા મણીકાંત મેઘજી લોડાયા | સાંયરા | ૨૪ |
| ૨૪-૦૧-૧૬ | રાયચુર | હિમાંશુ શ્રીકાંત બંકીમચંદ લોડાયા | સુથરી | ૨૭ |
| | અમદાવાદ | જલપા દિલીપ મેઘજી મોમાયા | વરાડીયા | ૨૪ |
| ૨૪-૦૧-૧૬ | ડોમ્બીવલી | નીરવ નવીન રાયશી મૈશેરી | બાંડીયા | ૨૫ |
| | ભાંડુપ | દિશા (તેજલ) મહેંદ્ર ઉમશી નાગડા | નલીયા | ૨૫ |
| ૨૪-૦૧-૧૬ | ડોમ્બીવલી | રોનલ બિપીન શામજી શિયાડ | દલતુંગી | ૨૭ |
| | ડોમ્બીવલી | બીના અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૩ |
| ૨૫-૦૧-૧૬ | બુરહાનપુર | કૌશલ અશોક ગોવિંદજી લોડાયા | વારાપધર | ૨૭ |
| | ડોમ્બીવલી | શ્વેતા કાન્તી દેવશી ધુલ્લા | સુથરી | ૨૬ |

### સગપણ (ભૂલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૧-૧૬ | ખીરકીયા | વિરલ કીરીટ ચંદુલાલ નાગડા | લાલા | ૨૭ |
| | અમદાવાદ | સેજલ મુલચંદ લાલજી મોમાયા | સાંયરા | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૨-૧૫ | ચુનાભટ્ટી | ભુમિત રમેશ કુંવરજી દંડ | ભરૂડીયા | ૨૯ |
| | મુલુંડ | મનવી ગિરીશ પુનશી મુનવર | રંગપુર | ૨૫ |
| ૧૭-૦૧-૧૬ | નોઈડા (દિલ્હી) | હિતેન સુભાષભાઈ મણીલાલ મોમાયા | ડુમરા | ૨૮ |
| | સાંગલી | મયુરી રમેશભાઈ ત્રિકમજી શિયાલ | દલતુંગી | ૨૬ |

### છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૦-૧૫ | ઘાટકોપર | નિમેશ વિરચંદ મુનવર | જખૌ | ૪૭ |
| | કરજણ | ભાવિની ભરતકુમાર શાહ | કરજણ | ૪૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૧-૧૬ | માંડવી | લક્ષ્મીબેન મેઘજી શીવજી છેડા | | ૭૬ |
| ૨૨-૦૧-૧૬ | કોઈમ્બતુર | વિજયાબાઈ છગનલાલ ધરમશી (ભાટે) | સુથરી | ૭૬ |
| ૨૩-૦૧-૧૬ | ગાંધીધામ | કુંવરબાઈ પદમશી નાગડા | વારાપધર | |
| ૨૪-૦૧-૧૬ | | લીલાવતી વિજય સોમચંદ લોડાયા | મોટી ખાવડી | ૫૩ |
| ૨૫-૦૧-૧૬ | તિરપૂર | મધુબેન ગોવિંદજી (ચંદુલાલ) રાઘવજી મોમાયા | વરાડીયા | ૭૪ |
| ૨૬-૦૧-૧૬ | ચુનાભટ્ટી | હિરાચંદ વિરચંદ મોમાયા | સાંયરા | ૬૩ |
| ૩૦-૦૧-૧૬ | ધુલિયા | કાન્તાબેન ચંદ્રકાંત લોડાયા | વારાપધર | ૭૬ |

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

દ્વારા આયોજિત વાર્ષિક ઉત્સવ 'જલસા-૩' રવિવાર, તા. ૧૭.૦૧.૨૦૧૬

K.D.O STUDENTS ASSOCIATION ESTD : 1954

62 Shree KDO Students Association

ક.દ.ઓ. 3 પેઢીઓનો તહેવાર Jalsa 3

૩૫૦ થી વધુ સ્પર્ધકો ૪૦૦૦ થી વધુ જ્ઞાતિના દર્શકોએ કાર્યક્રમને નિહાળ્યું

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ દ્વારા આયોજીત જલસા-૩ ક.દ.ઓ. ૩ પેઢીઓનો તહેવાર સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિનું આકર્ષણ બનેલા વાર્ષિક ઉત્સવ રવિવાર, તા. ૧૭.૦૧.૨૦૧૬ ના સાંજે ૫:૦૦ કલાકેથી અનંતનાથ કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ, કાંજુરમાર્ગ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમનો શુભારંભ જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા તથા મા સરસ્વતી દેવીને હાર ચડાવી દાતાશ્રીઓ, મહાનુભાવો અને **ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના પ્રમુખ શ્રી અનુજ લોડાયા**, શ્રી શાંતીલાલ શિયાલ, શ્રી મણિકાંત લોડાયા, શ્રી બીપીન નાગડા, શ્રી ભરત છેડા, શ્રી સમીર દંડ આદિ આમંત્રિત મહેમાનોના કરકમલો દ્વારા કરવામાં આવેલ. દીપ પ્રજ્વલન કર્યા બાદ જલસા-૩ કાર્યક્રમની શુભ શરૂઆત થયેલ.

**'જલસા-૩' ક.દ.ઓ ૩ પેઢીઓનો તહેવાર** નામને સાર્થક કરતા જ્ઞાતિના ૩ પેઢીઓના ટેલેન્ટ દ્વારા નૃત્ય, ફેશન શૉ, વાદ્ય વાદન, નવરંગી, ફેન્સી ડ્રેસ, બેબી ફેન્સી ડ્રેસ, ડાન્સ, ગ્રુપ ડાન્સ અને યુવાનોના આકર્ષણ બનેલા વોટ્સએપ વૉર, ફેસબુક ફાઇટ, નિબંધ, ડ્રોઇંગ સ્પર્ધાઓ તેમજ શૈક્ષણિક બહુમાન આદિ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં ૩ વર્ષથી ૭૦ વર્ષ સુધીના ૩૫૦ થી વધુ સ્પર્ધકોએ પોતાનું કૌશલ્ય બતાવેલ. હમ ભી કિસી સે કમ નહી. એવા આપણા જ્ઞાતિજનોએ નવા નવા કાર્યક્રમો બતાવી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. ૪૦૦૦ થી વધુ જ્ઞાતિજનો એ આ કાર્યક્રમ માં હાજરી આપી હતી. સોના હૈયા હરખના હિલોળે ચઢતાં વાહ ! વાહ !! અને તાળીઓના ગડગડાટ વચ્ચે સ્પર્ધકોને પ્રોત્સાહન આપ્યું હતું. મુંબઇ, ઘાટકોપર, મસ્જીદ બંદર, ભાંડુપ, કાંજુરમાર્ગ, મુલુંડ અને ડોંબિવલી અને અન્ય પરાં વિસ્તારના જ્ઞાતિજનો આ કાર્યક્રમમાં સહભાગ લીધેલ.

જલસા-૩ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન કરનાર ઇંટરનેશનલ એન્કર પ્રશાંત રાવ એ કર્યું. શ્રી પિયુષ મહારાજ (ગોધરા-કચ્છ)ની દિલખુશ કોમેડી શૈલીમાં હૈયું હરખથી છલકાવી દીધુ હતું. જલસા-૩ કાર્યક્રમના કન્વીનર શ્રી હિતેન (રાજન) લોડાયા, સહ કન્વીનર શ્રી તેજસ ખોના, શ્રી હેમિલ દંડ, કુ. એકતા લોડાયા, સોવેનિયર માટે કુ. નિકીતા મૈશેરી, શ્રી શુભમ લાપસીયા, ધર્મિતા લોડાયા, શ્રી દિવેશ લોડાયા પ્રશંસનીય કાર્ય કરી પોતાની જવાબદારી પાર પાડેલ.

જલસા-૩ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાડનાર એવા **અતિથી વિશેષ** યુવાઓને સદૈવ જ્ઞાતિ હિત કાર્ય માટે પ્રેરીત કરનાર **શ્રી ભૂપેન્દ્ર મુરજી દંડ (લાખણીયા-નવી મુંબઇ)** અને **મુખ્ય અતિથી** તથા યુવાઓને તન-મન-ધનથી પ્રોત્સાહીત કરનાર એવા **શ્રી ધીરેન ચંદ્રકાન્ત લોડાયા (વારાપધર-વાપી)** ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જિજ્ઞેશ ચંદ્રકાન્ત લોડાયાએ મુખ્ય દાતાશ્રી પરિવાર વતી સંઘના સર્વે કાર્યોની પ્રશંસા કરેલ અને વધુમાં વધુ યુવાનો શ્રી સંઘમાં જોડાય તેમજ યુવાનો પોતાના ટેલેન્ટ દ્વારા જ્ઞાતિને ઉપયોગી બની શકે તેવા વિચારો જણાવ્યા હતા.

**શ્રી ક.દ.ઓ. મુંબઇ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા** પોતાના વક્તવ્યમાં સંઘપ્રમુખ અને સંઘ દ્વારા આયોજિત વિશાળ જલસા-૩ કાર્યક્રમને બિરદાવેલ. **અચલગચ્છ પ્રમુખ શ્રી શામજીભાઇ દંડ** તથા ભૂતપૂર્વ ક.દ.ઓ. મુંબઇ મહાજનના પ્રમુખ શ્રી નયન ભેદા સંઘની યુવા એકતા અને ટીમ વર્ક માટે પ્રશંસા કરેલ. શ્રી શીવજીભાઇ વિકમશીએ શ્રી સંઘના વાર્ષિકોત્સવ માટે શુભેચ્છા પાઠવી હતી. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના પ્રમુખ અને દાતાશ્રી જયેશ જૈન પોતે એક ગીત ગાઇ યુવાનોને પોતાનું ટેલેન્ટ બતાવવા પ્રોત્સાહીત કર્યા અને સંઘના કાર્યોની પ્રશંસા કરેલ. ક.દ.ઓ. સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને વિદ્યાર્થીસંઘના કાર્યાલય સમિતીના **ટ્રસ્ટીશ્રી કિરીટભાઇ લાપસીયા**, સેક્રેટરી જનરલ

**શ્રી ચીમનભાઇ મોતા**, મુંબઇ મહાજનના ઉપપ્રમુખ અને દાતાશ્રી હિરાલાલ ડાઘા, શ્રી લેરીન ખોના, માનદ્‌મંત્રી શ્રી રમેશ લોડાયા, શ્રી ચેતન મોમાયા અને મુંબઇ મહાજનના સર્વે સભ્યો, શ્રી હેમાંગ રાયચંદ ધરમશી, શ્રીમતી દમયંતીબેન અને શ્રી ચાંપશીભાઇ શાહ, શ્રીમતી તેજલબેન અને શ્રી રાજેશ પ્રેમજી શાહ, શ્રી વિજયભાઇ લોડાયા, શ્રી નિલેશ માણેકજી મોતા, શ્રી પુનશીભાઇ લોડાયા, બોલીવુડ મહેંદી ક્વીન વીણા નાગડા, પાંજો પ્રતિબિંબના શ્રીમતી લક્ષ્મીબેન અને શ્રી ચંદ્રહાંસ ખોના, શ્રી કુલીન લુઠીયા (માનવજ્યોત), ડૉ. હરીશ લાપસીયા, શ્રી ગુલાબભાઇ ધરમશી, માલતીબેન ધરમશી, શ્રીમતી કવિતાબેન અને શ્રી કલ્પેશભાઇ ધરમશી, શ્રી અમિત મોમાયા, શ્રી વિનોદ ડાઘા, શ્રી અશોક દંડ, શ્રી પ્રશાંત ધરમશી, શ્રી હેમંત અજાણી, શ્રી ક.દ.ઓ. ડોંબિવલી પ્રમુખશ્રી રાયચંદ જીવાણી અને મંડળના પદાધિકારીઓ, શ્રીમતી કલ્પનાબેન શૈલેષ શાહ, શ્રી અમિત ધુલ્લા, શ્રી પરિન છેડા, શ્રી જતીન ધરમશી, શ્રી તરૂણ ધરમશી, કાંજુરમાર્ગ કોમ્પ્લેક્સના પદાધિકારીઓ આદિ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

જલસા-૩ના મુખ્ય દાતાશ્રી, સહયોગી દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સંઘનું આકર્ષિત એવું સોવેનીયરનું વિમોચન કરવામાં આવેલ.

જલસા-૩ કાર્યક્રમમાં શ્રી વિદ્યાર્થીસંઘ ના પ્રમુખ શ્રી અનુજ લોડાયા પોતાના મનોગત માં દાતાશ્રીઓ, મહાજનો, મંડળ, જ્ઞાતિ મુખપત્રો, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, સર્વે કાર્યકર્તાઓનો, સ્પર્ધકોનો, વિદ્યાર્થીસંઘના સભ્યો, પધારેલ સર્વે જ્ઞાતિજનોનો આભાર પ્રગટ કરેલ તેમજ યુવાઓ અને ગૃહિણીઓ જ્ઞાતિ સેવા માટે વિદ્યાર્થીસંઘ સાથે જોડાઇ જ્ઞાતિની એકતા માટે હાકલ કરેલ. શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના માનદ્‌મંત્રી શ્રી ઉર્મિન લોડાયા, શ્રી સંઘની પ્રવૃત્તિઓનો અહેવાલ આપેલ.

જ્ઞાતિજનોને અલ્પાહાર પીરસનાર ઢાસુ ઇવેન્ટ ઓર્ગેનાઇસર, ડી. જે. ઢાસુ દ્વારા સંગીતની મહેફિલ જમાવવામાં આવેલ. શ્રી અનંતનાથ ટ્રસ્ટ, અનંતનાથ કોમ્પ્લેક્સ સોસાયટી, સુંદર કાર્યક્રમને કેમેરામાં કંડારનાર ભલારા ફોટો-શ્રી ભરત લોડાયા (મુલુન્ડ), પ્રિન્ટ અને ડિસ્પ્લે, સોવેનિયર માટે અવની પ્રિંટ કેર(ડોંબિવલી)-જીજ્ઞેશ ચંદ્રકાન્ત લોડાયાનો શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આભાર માને છે.

જલસા-૩ કાર્યક્રમને સુંદર રીતે સફળતાના શિખરે પહોંચાડનાર પ્રમુખ શ્રી અનુજ ગીરીશ લોડાયા, ઉપપ્રમુખ - શ્રી મયંક જીતેન્દ્ર મોમાયા, માનદ્‌મંત્રી શ્રી ઉર્મિન જયેશ લોડાયા, ખજાનચી - કુ. નિકીતા મૈશેરી, કન્વીનર શ્રી હિતેન (રાજન) લોડાયા, કો.કન્વીનર - શ્રી હેમીલ જયેશ દંડ અને શ્રી તેજસ મહેન્દ્ર ખોના, કુ. એકતા ઉદયન લોડાયા, શ્રી શુભમ મહેન્દ્ર લાપસીયા, શ્રી દિવેશ યોગેશ લોડાયા, શ્રી સમીર શામજી દંડ, ધર્મીતા અનુજ લોડાયા, શ્રી કરણ મુલરાજ છેડા અન્ય પદાધિકારીઓ, હિત ચિંતકો અને નીચે મુજબ સંપર્ક સભ્યો ...

| | | |
|---|---|---|
| અર્પણ ફાલ્ગુન ખોના | એકતા ઉદયન લોડાયા | ફોરમ હીરેન ધરમશી |
| નીરવ મહેન્દ્ર મોતા | શ્રીમતી ભૈરવી ભરત લોડાયા | જીનલ હીરાચંદ છેડા |
| ઉદય મહેન્દ્ર મોમાયા | નિકિતા નરેશ મૈશેરી | રાકેશ અભય મૈશેરી |
| હર્ષિતા ગુલાબ પોલડીયા | લબ્ધી નિરેન લોડાયા | રિષભ નીતીન મોતા |
| ઉષ્મા અશોક ડાઘા | નિકીતા ભાવેશ લોડાયા | જૈનિશ જયેશ ધરમશી |
| શ્રીમતી લીના હિતેન લોડાયા | કિંજલ ભાવેશ લોડાયા | પ્રતિક હરીશ સાયલા |
| અભય અશોક લાપસીયા | વિપુલ પુનમચંદ સોની | રિષી જગદીશ લોડાયા |
| પ્રતિક દિનેશ લાલકા | સૃષ્ટી કિરીટ લોડાયા | ધાર્મિલ વિરેન નાગડા |
| ફોરમ રમેશ લાલકા | બીના નિલેશ મૈશેરી | નિલીમા અશોક મુનવર |
| પુજા નિતીન લોડાયા | ધારીકા જિતેન ધરમશી | દેવાંગ હસંકુમાર નાગડા |
| જલ્પા પ્રફુલચંદ મોમાયા | આરૂષી હરીશ શીયાળ | અંકીત તિલકચંદ લોડાયા |
| કેવલ અભય ધરમશી | મૈત્રી ખિરેશ ધ્રોલ | નીરેન નવીનચંદ્ર નાગડા |
| ઉર્વેશ ભરત છેડા | મીત સંજય મૈશેરી | ચિરાગ પ્રકાશ લોડાયા |
| રાજ રોહિત જીવાણી | શ્રી પ્રિયંક ગજેશ ડાઘા | ઉર્મીલા રસીક લાપસીયા |
| ફોરમ ઉદય નાગડા | રિધ્ધિશ જીજ્ઞેશ પોલડીયા | મોક્ષા દીપક મૈશેરી |
| જક્ષિતા અનિલ ધરમશી | ચૈતાલી ભરત ધરમશી | સેબી દિપક મૈશેરી |

| | |
|---|---|
| જલસા-૩ કાર્યક્રમના ફોટાઓ જોવા માટે અમારી વેબ સાઇટ :<br>**www.kdovs.com** | Like us on f :<br>www.facebook.com/shreekdostudentsassociation |




















C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001






if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,